અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ ઓગસ્ટ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૫ | અંક : ૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



**સોશિયલ મીડિયા પર કરી ભાવુક પોસ્ટ |** વિનેશે કહ્યું કે, "માં હું હારી ગઇ, કુશ્તી જીતી ગઇ; મને માફ કરજે, તારું સપનું, મારી હિમ્મત બધુ તૂટી ગયું છે

## વિનેશ ફોગાટે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને નિવૃત્તિ જાહેર કરી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

ભારત માટે ઓલિમ્પિક ૨૦૨૪માં ગોલ્ડની આશા જગાડનાર વિનેશ ફોગાટનું અને સમગ્ર દેશનું સપનું રોળાયું છે. માત્ર ૧૦૦ ગ્રામ વજન વધુ હોવાના કારણે વિનેશ ફોગાટને ઓલિમ્પિકમાંથી ડિસ્કવોલિફાઈ કરવામાં આવ્યા બાદ હવે ફોગાટના એક અંગત નિર્ણયે સૌને ચોંકાવી દીધા છે. વિનેશ ફોગાટે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને નિવૃત્તિની જાહેરાત કરી છે. વિનેશ ફોગાટે ભલે આ ઓલિમ્પિકમાં મેડલ જીત્યો ન હોય, પરંતુ તેણે પોતાની કારકિર્દીમાં ઘણા મોટા માઈલસ્ટોન હાંસલ કર્યા છે અને દરેક ભારતીયના દિલોમાં એક અલગ સ્થાન મેળવ્યું છે તેથી જ છેલ્લા ૨૪ કલાકથી ચારે કોર એક જ શબ્દ વિનેશ માટે બોલાઈ રહ્યો છે – 'ખૂબ લડી મર્દાની'

સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટમાં વિનેશ ફોગાટે કહ્યું કે, "માં હું હારી ગઈ, કુશ્તી જીતી ગઈ; મને માફ કરજે, તારું સપનું, મારી હિમ્મત બધુ તૂટી ગયું છે. હવે મારામાં આનાથી વધારે તાકાત રહી નથી. અલવિદા કુશ્તી ૨૦૦૧-૨૦૨૪. તમારા બધાની હંમેશા ઋણી રહીશ. માફ કરજો." વિનેશ ફોગાટે ભલે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હોય પરંતુ તેના નામે એક રેકોર્ડ છે, જે કોઈપણ મહિલા માટે આસાન નહીં હોય. વિનેશે સતત ત્રણ ઓલિમ્પિકમાં ભાગ લીધો છે. તે સતત ત્રણ ઓલિમ્પિક રમનાર પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ છે. વિનેશ રિયો, ટોક્યો અને પેરિસ ઓલિમ્પિકનો ભાગ રહી ચૂકી છે. જોકે દુખની વાત એ છે કે તેને એકેય ઓલિમ્પિકમાં મેડલ મળ્યો નથી. રિયો ઓલિમ્પિક દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે તેણે મેચ અધવચ્ચે જ છોડી દેવી પડી હતી. ભલે વિનેશને ઓલિમ્પિકમાં કોઈ મેડલ ન મળ્યો હોય પરંતુ તેણે એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ જેવી ઈવેન્ટ્સમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. વિનેશે ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીત્યા હતા અને દેશનું ગૌરવ વધાર્યું હતુ. વિનેશ ફોગટ ૨૦૧૮માં એશિયન ચેમ્પિયન પણ બની હતી. તેણે ૫૦ કિલો ગ્રામના ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બે વખત ૨ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ૨૦૧૯ અને ૨૦૨૨માં ફોગાટે આ મેડલ જીત્યા હતા. લેજન્ડ મહાવીર ફોગાટની ભત્રીજીએ ૨૦૧૩માં યૂથ રેસલિંગ ચેમ્પિયનશિપ થી કરિયરની શરૂઆત કરી હતી. આ સિવાય વિનેશે પહેલી જ ઈવેન્ટમાં સિલ્વર મેડલ પણ જીતીને પોતાનો પરચો આપ્યો હતો.

**વક્ફ બોર્ડ સંશોધન બિલ ગૃહમાં રજૂ કરતા જ મચ્યો હોબાળો |** રિજિજુએ વક્ફ બિલને જેપીસીમાં મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો, સ્પીકરે કહ્યું- હવે સમિતિ બનાવીશું

# કિરેન રિજિજુએ લોકસભામાં વક્ફ એક્ટમાં સુધારો કરવા માટેનું બિલ રજૂ કર્યું

## JDU બાદ શિવસેના (શિંદે)એ પણ બિલને સમર્થન આપ્યું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

સંસદમાં સરકાર તરફથી આજે વક્ફ બોર્ડમાં સુધારાની માગ કરતું બિલ રજૂ કરવામાં આવ્યું છે. સંસદીય કાર્ય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ દ્વારા વક્ફ એક્ટ ૧૯૯૫માં સુધારા માટે વક્ફ(સુધારા) બિલ ૨૦૨૪ અને મુસ્લિમ વક્ફ એક્ટ ૧૯૨૩ને સમાપ્ત કરવા માટે મુસ્લિમ વક્ફ (રિપીલ) બિલ ૨૦૨૪ લોકસભામાં રજૂ કરાયું. તેના પર સંસદમાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી. કિરેન રિજિજુએ કહ્યું કે અમે પ્રસ્તાવ મૂકીએ છીએ કે વક્ફમાં સુધારા અંગેનું બિલ જોઈન્ટ પાર્લામેન્ટ કમિટીને મોકલી દેવામાં આવે. તેના પર સ્પીકરે કહ્યું કે હાં અમે જલદી જ સમિતિ બનાવીશું. અસદુદ્દીન ઓવૈસીએ આ મામલે ડિવિઝનની માગ કરી હતી. જેની સામે સ્પીકરે કહ્યું કે તેના પર ડિવિઝન કેમ માગો છો? ત્યારબાદ ઓવૈસીએ કહ્યું કે અમે તો શરૂથી ડિવિઝનની માગ કરી રહ્યા છીએ.

કેન્દ્ર સરકાર વતી કિરેન રિજિજુએ કહ્યું કે અમે ભાગીશું નહીં. આ બિલ અહીં પાસ કરી દો. તેના પછી તેમાં જે પણ સ્ક્રૂટિની કરવી હોય અમે તેના માટે તૈયાર છીએ. આ બિલ તમે સંયુક્ત સંસદીય સમિતિને મોકલી દો. દરેક પક્ષના સભ્યોને એ કમિટીમાં સામેલ કરો, જે પણ સ્ક્રૂટિની કરવી હોય તેના માટે અમે તૈયાર છીએ. આ સાથે કિરેન રિજિજુએ મુસ્લિમ વક્ફ રિપીલ બિલ રજૂ કર્યું હતું. એવું જાણવા મળ્યું છે કે જે હેતુ માટે ૧૯૫૫નો વક્ફ સુધારો લાવવામાં આવ્યો હતો તે હેતુ પૂરો થઈ રહ્યો નથી. તેમાં ઘણી ખામીઓ જોવા



મળી છે. એ સુધારાથી ઈચ્છા પ્રમાણેના લક્ષ્યો પ્રાપ્ત ન થયા એટલે આજે આ બિલ લાવવામાં આવ્યું છે. આપણે બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ. આ બિલનું સમર્થન કરો, તમને કરોડો લોકોના આશીર્વાદ મળશે. કેટલાક લોકોએ વક્ફ બોર્ડ પર કબજો કરી લીધો છે. ગરીબોને ન્યાય મળ્યો નથી. ઈતિહાસમાં આ વાત નોંધાશે કે કોણે આનો વિરોધ કર્યો. કિરેન રિજિજુએ કહ્યું કે આ બિલનો વિરોધ કરતી વખતે વિપક્ષ દ્વારા આપવામાં આવેલી દલીલો ક્યાંય ટકતી નથી. આ બિલમાં બંધારણની કોઈ જોગવાઈનો ભંગ કરવામાં આવ્યો નથી. આ બિલ કોઈના અધિકારો છીનવી લેવા માટે લાવવામાં આવ્યું નથી, પરંતુ જે લોકો વંચિતોને ન્યાય આપવા માટે લાવવામાં આવ્યું છે. તેમણે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો. ભારત સરકારને બિલ લાવવાનો અધિકાર છે. વકફમાં સુધારા અંગેના બિલ બ્રિટિશ યુગથી આઝાદી પછી ઘણી વખત રજૂ કરાયા. આ કાયદો સૌપ્રથમ ૧૯૫૪માં લાવવામાં આવ્યો હતો, ત્યારબાદ તેમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આજે અમે જે સુધારો લાવવા જઈ રહ્યા છીએ તે વકફ એક્ટ ૧૯૫૫ છે જેમાં ૨૦૧૩માં સુધારો કરવામાં આવ્યો હતો અને તેમાં એવી જોગવાઈ દાખલ કરવામાં આવી હતી જેના કારણે અમારે આ સુધારો લાવવો પડ્યો છે. ૧૯૫૫ના વકફ સુધારામાં જે પણ જોગવાઈઓ લાવવામાં આવી હતી, લોકોએ તેને જુદી જુદી રીતે જોઈ. ત્નદ્બ બાદ શિવસેના (શિંદે)એ પણ બિલને સમર્થન આપ્યું છે. શ્રીકાંત શિંદેએ બિલને સમર્થન કરતા કહ્યું કે 'આ બિલનો વિરોધ કેટલાક લોકો જાતિ, ધર્મના નામ પર કરી રહ્યા છે. આ બિલનો હેતુ પારદર્શિતા અને જવાબદારી છે. વિરોધ પક્ષ બિલને લઈને ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરી રહી છે.' શિંદેએ વધુમાં સવાલ પૂછ્યો કે તમારે અલગ કાયદાની જરૂર કેમ છે? મહારાષ્ટ્રમાં જ્યારે તેમની સરકાર હતી ત્યારે શિરડી અને અન્ય મંદિરો અંગે સમિતિ રચવાનું કામ થયું હતું. ત્યારે તેમને બિનસાંપ્રદાયિકતા યાદ આવી ન હતી.' લોકસભામાં સત્તા પક્ષ-વિપક્ષની જોરદાર ચર્ચા ચાલી રહી છે. ત્યારે મિયાં અલ્તાફ અહેમદે કહ્યું છેકે 'ભારત દેશ સમગ્ર વિશ્વમાં ધર્મનિરપેક્ષતા માટે જાણીતો છે. આ બિલ લાવીને સરકાર દેશની છબી ખરાબ કરી રહી છે.' તો આંધ્ર પ્રદેશના રૂજીઇઝ઼ સાંસદ મિધુન રેડ્ડીએ પણ બિલનો વિરોધ કરીને કહ્યું છેકે 'અમે ઓવૈસીની ચિંતાઓ સાથે સહમત છીએ.'

**ગોળગોળ વાતો નહીં કરવાની : અમિત શાહ**

## વક્ફ બિલ : અખિલેશ યાદવ પર બરાબરના વિફર્યા અમિત શાહ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

સંસદમાં આજે સંસદીય કાર્ય અને લઘુમતી બાબત મંત્રી કિરેન રિજિજૂએ સંશોધિત વક્ફ બિલ રજૂ કર્યું છે. જેના પર કોંગ્રેસ અને સપાના સાંસદો સહિત વિપક્ષે વિરોધ નોંધાવ્યો છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બિલ પર સવાલ ઉઠાવ્યા હતા. ઉપરાંત બિલને ધાર્મિક આસ્થા પર હુમલો તેમજ લોકતંત્ર વિરુદ્ધ ગણાવ્યું હતું. દરમિયાન અખિલેશ યાદવે સ્પિકરના અધિકારો છીનવાઈ રહ્યા હોવાની વાત કરતાં ગૃહમંત્રી અમિત શાહ તેમના પર ભડકી ઉઠ્યા હતા.

કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે કહ્યું કે, વક્ફ બૉર્ડમાં સંશોધન બાદ જે બિલ લાવવામાં આવ્યું છે એ એકદમ સમજીને વિચારેલા કાવતરાં હેઠળ રજૂ કરાયું છે. વક્ફ બૉર્ડમાં બિન મુસ્લિમોને સામેલ કરવાનો શું ઉદ્દેશ્ય છે? ઈતિહાસ વાંચો. એક જિલ્લાધિકારી હતા તેમણે શું-શું કર્યું તે



આપણે બધાં જાણીએ છીએ. લઘુમતીઓના અધિકારો છીનવાઈ રહ્યા છે. ભાજપ સંપૂર્ણ રીતે ભયભીત તેમજ નિરાશ છે. આ માટે તે માત્ર કેટલાક કટ્ટર સમર્થકોના સંતોષ માટે આ બિલ લાવી રહ્યું છે. આ વચ્ચે અખિલેશ યાદવે ગૃહ અધ્યક્ષના અધિકારો અંગે વાત કરતાં ગૃહમંત્રી અમિત શાહ તેમના પર ભડકી ઉઠ્યા હતા. બિલ પર વાત કરતી વખતે અખિલેશ યાદવ અને અમિત શાહ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી હતી. હકીકતમાં, અખિલેશ યાદવે લોકસભા સ્પીકરને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે તમારા અધિકારો પણ છિનવાઈ રહ્યા છે.

### ન્યૂઝ બ્રિફ

#### ગજ્જરના પહેલવાન અમન સહરાવતની શાનદાર જીત

| (એજન્સી) પેરિસ, તા.૮ |

ઝજ્જરના પહેલવાને પરિસમાં કમાલનું પ્રદર્શન કરી બતાવ્યું છે. અમન સહરાવતે ૫૭ કિગ્રા કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કરતા સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે. અમન સહરાવતે અલ્બાનિયાના પહેલવાનને ૧૨-૦થી હરાવ્યો હતો. આ જીતની સાથે જ અમન હવે મેડલથી એક ડગલુ દૂર છે. જો અમન સહરાવત સેમીફાઈલમાં જીતશે તો તે ફાઈનલમાં પહોંચતા પોતાનો સિલ્વર મેડક પાક્કો થઈ જશે.

#### ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર પર રૂપિયાનો વરસાદ

| નવી દિલ્હી, તા.૮ |

ભારતીય શૂટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં દેશ માટે પહેલો મેડલ જીત્યો હતો. તેણે દેશને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે. ભારતે પેરિસ ઓલિમ્પિકમાં અત્યાર સુધીમાં ત્રણ મેડલ જીત્યા છે અને ત્રણેય શૂટિંગમાંથી આવ્યા છે. રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં જ મનુ ભાકર સાથે મુલાકાત કરી એને તેમણે મુલાકાત દરમિયાન મનુ ભાકરને પ્રાઈઝ મનીનો ચેક પણ આપ્યો હતો.

## તમિલનાડુમાં હિંદુ તહેવારના હોર્ડિંગ પર પોર્ન સ્ટારની તસવીરથી હોબાળો

**તમિલનાડુમાં તહેવાર ટાણે જ મિયા ખલીફાની ફોટો વાળી હોર્ડિંગથી લોકોમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે**

| (એજન્સી) કાંચીપુરમ, તા.૮ |

તમિલનાડુના કાંચીપુરમમાં એક મંદિરના હોર્ડિંગ પર પોર્ન સ્ટાર મિયા ખલીફાનો ફોટો દેખાતાં લોકો ઘણા આશ્ચર્યચકિત થયા છે. આ હોર્ડિંગ જોતાં જ જ સામાજિક માધ્યમો પર તે વાયરલ થઈ ગયો છે અને લોકોએ તેની નિંદા કરી રહ્યા છે. જોકે, પોલીસને આ વિશે જાણ કરવામાં આવ્યા બાદ હોર્ડિંગને ત્યાંથી દૂર કરી દેવામાં આવ્યું છે. આવો જાણીએ કે આ પૂરો મામલો શું છે. તમિલનાડુના કુરુવિમલાઈમાં નાગાત્થમન અને સેલ્લિયમ્મન મંદિરોમાં આદિ તહેવારને ભવ્ય રીતે ઉજવવા માટે મોટા પ્રમાણમાં આયોજનો કરવાની યોજના બનાવવામાં આવી હતી. તેમાં રંગીન લાઈટો અને હોર્ડિંગ્સ લગાવીને લોકોને આમંત્રિત કરવાના હતા. આ દરમિયાન એક હોર્ડિંગમાં સૌનું ધ્યાન ખેંચાયું, જેમાં પોર્ન સ્ટાર મિયા ખલીફાની તસવીર છાપવામાં આવી હતી. આ હોર્ડિંગ જોતાં જ સામાજિક માધ્યમો પર તે વાયરલ થઈ ગઈ છે.

મિયા ખલીફાની તસવીર આ તહેવાર સાથે કોઈપણ રીતે સંબંધિત નથી. આમ છતાં, કાંચીપુરમના એક મંદિરના હોર્ડિંગ પર તેમની ફોટો જોવા મળતા લોકો આશ્ચર્યચકિત થયા છે. જોકે, આ ફોટોને એડિટ કરવામાં આવ્યો છે. ફોટોમાં લાગે છે કે તે 'પાલુ કુદમ' (દૂધથી ભરેલું પાત્ર) લઈને ઊભી છે. દક્ષિણમાં 'પાલુ કુદમ'ને તહેવારના સમયે દેવતાઓને અર્પણ કરવામાં આવે છે, જે પારંપરિક પ્રસાદનો ભાગ છે.

હોર્ડિંગ લગાવનારાઓએ નક્કી કર્યું કે તેમની તસવીર પણ તેમાં દેખાય. જોકે, તસવીર વાયરલ થયાના બાદ મગરાલ પોલીસને જાણ કરવામાં આવી, જેના પગલે પોલીસે કાર્યવાહી કરીને હોર્ડિંગને દૂર કરી દીધું છે. આદિ તમિલનાડુનો એક ત્યોહાર છે, જેને વરસાદ અને નદીઓની પૂજા માટે ઉજવવામાં આવે છે. આ તહેવારમાં અમ્મન (પાર્વતી) ના મંદિરોમાં કેટલાક દિવસો સુધી ચાલે છે. તેમાં લોકો માં અમ્મનની પૂજા-અર્ચના કરે છે, ભજન-કીર્તન કરે છે અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લે છે.

**ઓક્ટોબરમાં વ્યાજદરમાં ઘટાડો થઈ શકે છે**

## સતત ૯મી વાર રેપો રેટમાં કોઈ ફેર-ફાર નહીં, ૬.૫૦ પર યથાવત રાખ્યો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ આજે ક્રેડિટ પોલિસીમાં લીધેલા નિર્ણયોની જાહેરાત કરી છે. આ વખતે પણ પોલિસી વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. MPCના ૬માંથી ૪ સભ્યોએ દરોમાં ફેરફાર ન કરવાની તરફેણમાં નિર્ણય લીધો હતો.

અર્થવ્યવસ્થાના સંદર્ભમાં, આરબીઆઈએ 'વિથડ્રોલ ઓફ એકમોડેશન' જાળવી રાખ્યું છે. આ નિર્ણયની જાહેરાત કરતા RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આ પોલિસી મોંઘવારી દરને ૪% પર લાવવા પર આધારિત છે. અમે મોંઘવારી દરના લક્ષ્ય પર રહીએ છીએ. છેલ્લી વખત સેન્ટ્રલ બેંકે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. ત્યારથી રેપો રેટ ૬.૫ ટકાના ઉચ્ચ સ્તરે યથાવત છે. ગયા વર્ષે ભારતે મજબૂત આર્થિક વૃદ્ધિ નોંધાવી છે. ભારતીય રિઝર્વ બેંકે પણ છેલ્લી નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૭ ટકાથી વધારીને ૭.૨ ટકા કર્યો હતો. હા, ફુગાવાના મોરચે સ્થિતિ થોડી ચિંતાજનક છે. સીપીઆઈ (કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ) ફુગાવો જૂનમાં ૫.૦૮ ટકાના ચાર મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. તેવી જ રીતે ખાદ્ય ફુગાવો ૯.૩૬ ટકાના છ મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે. બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસ આશાવાદી છે કે આરબીઆઈ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નહીં કરે. મોંઘવારી દર આજે પણ ઊંચો છે.

## ઓલિમ્પિક વિનર સ્વપ્નિલ કુસાલનું પૂણેમાં ભવ્ય સ્વાગત

| (એજન્સી) મુંબઈ, તા.૮ |

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતને ત્રીજો મેડલ અપાવનાર શૂટર સ્વપ્રિલ કુસાલે ભારત પરત ફર્યો છે. સ્વપ્રીલે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઈવેન્ટમાં મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. તેણે ફાઈનલમાં ૪૫૧.૪ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પેરિસમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ



સ્વપ્રિલ ભારત પહોંચ્યો ત્યારે તેનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પુણે એરપોર્ટનો વીડિયો ન્યૂઝ એજન્સી દ્વારા શેર કરવામાં આવ્યો છે, જ્યાં ઢોલ વગાડીને તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીતનાર સ્વપ્રિલ કુસાલે ભારત પરત ફર્યો છે. પૂણે એરપોર્ટ પર સ્વપ્રિલ કુસલેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે, જેમાં તેના ગળામાં ફૂલોની માળા પહેરાવીને મેડલ જીતવા બદલ તેને અભિનંદન આપવામાં આવી રહ્યાં છે. પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં પુરુષોની ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન ઈવેન્ટની ફાઈનલમાં સ્વપ્રિલ કુસલે ખાસ શરૂઆત કરી શક્યો ન હતો. તેણે ઘૂંટણિયે શૂટ કરીને ૧૫૩.૩ સ્કોર કર્યો (પહેલો શોટ – ૫૦.૮, બીજો શોટ – ૫૦.૯, ત્રીજો શોટ – ૫૧.૬). આ સમયગાળા દરમિયાન તે છઠ્ઠા સ્થાને રહ્યો. આ પછી, તેણે પ્રોનમાં શાનદાર કમબેક કર્યું અને ૧૫૬.૮ (પહેલો શોટ- ૫૨.૭, બીજો શોટ- ૫૨.૨, ત્રીજો શોટ- ૫૧.૯) સ્કોર કર્યો.અહીંથી સ્વપ્રિલે મેચમાં જોરદાર કમબેક કર્યુ હતું. સ્ટેન્ડિંગમાં તેણે પોતાનો સ્કોર ૪૨૨.૧ પર પહોંચાડ્યો.

**દિલ તૂટી ગયું છે : શેખ હસીનાની પુત્રી**

## આ મુશ્કેલ સમયમાં હું માતાને ભેટીને આશ્વાસન પણ આપી શકતી નથી

| (એજન્સી) ઢાકા, તા.૮ |

છેલ્લા કેટલાક દિવસોમાં બાંગ્લાદેશમાં જે કંઈ પણ થયું છે, તેના લીધે સત્તાથી લઈને રાજનીતિ સુધી બધું બદલાઈ ગયું છે. આવા સમયે, બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પુત્રી સાયમા વાજિદે ગુરુવારે માતા અને દેશ પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, "હું આવા મુશ્કેલ સમયમાં મારી માતાને જોઈ શકતી નથી અને તેમની પાસે પહોંચીને તેમને ભેટી પણ શકતી નથી, જેના કારણે હું ખૂબ જ દુ:ખી છે." બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના સરકાર વિરોધી પ્રદર્શનોને કારણે શેખ હસીનાએ સોમવારે વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું હતું અને દેશ છોડીને ભારતમાં આશ્રય લીધો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ભાજપનું ૧૦થી ૧૫ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

૧૫મી ઓગસ્ટે ભારતને અંગ્રેજોના શાસન માંથી દેશ આઝાદ થયો હતો. ભારત આ વર્ષે ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવાનો છે. ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે દેશ અને રાજ્યમાં તિરંગા યાત્રા યોજીને ઉજવણી કરવાનો છે. જેના ભાગરૂપે પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે તિરંગા યાત્રા આયોજન માટેની બેઠક મળી હતી. જેમાં હર ઘર તિરંગા યાત્રા અભિયાન દેશના ઈન્ચાર્જ અને રાષ્ટ્રીય મહામંત્રી તરુણ ચૂક અધ્યક્ષતામાં બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી સી આર પાટીલ તેમજ ધારાસભ્યો,સાંસદો ભાજપના હોદ્દેદારો જિલ્લા પ્રમુખો તેમજ ભૂપેન્દ્ર પટેલની સરકારના કેબિનેટ મંત્રીઓ પણ હાજરીમાં મળી હતી. જેમાં ભાજપે ગુજરાતમાં હર ઘર તિરંગા યાત્રા રોડ મેપ નક્કી કર્યો હતો.ગુજરાત ભાજપના હર ઘર તિરંગા યાત્રા શરૂઆત ૧૦ ઓગસ્ટથી રાજકોટ ખાતે શરૂ થશે. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડા પ્રસ્થાન કરાવશે જે ૧૫ ઓગસ્ટ સુધી રાજ્યભરમાં યોજાશે. ગુજરાતમાં હર ઘર તિરંગા યાત્રા સંયોજક તરીકે ઉપાધ્યાય ગોરધન ઝડફિયા જવાબદારી સોંપાઈ છે. ત્યારે ગુજરાતના આયોજન અંગે વાત કરતા ગોરધન ઝડફિયાએ જણાવ્યું હતું કે,હર ઘર તિરંગા યાત્રા અભિયાન સમગ્ર દેશમાં ૧૫ મી ઓગસ્ટ સુધીના કાર્યક્રમો થશે. હર ઘર તિરંગા અભિયાન પ્રદેશ ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. કાયદા ફેરફાર કરીને રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાય છે. ત્યારે પ્રત્યેક નાગરિક જોડ્યા તે માટે પ્રયાસ છે. પ્રત્યેક ઘર સુધી રાષ્ટ્રધ્વજ લગાવીશું તે અંગે રૂપ રેખા ભાગ રૂપે હર ઘર તિરંગા ૧૦ થી ૧૫ તારીખ સુધી યોજાશે. જેમાં પાંચ કાર્યક્રમો આ અભિયાનમાં હશે. જેમાં જેટલી સ્વાતંત્ર્યસેનાની પ્રતિમા હશે. તેની પ્રતિમાની સફાઈ અને પુષ્પહાર કરવામાં આવશે.

### અમેરિકાના વિઝાને નામે ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડી

। (એજન્સી) સુરત, તા.૮ ।

વિઝાને નામે છેતરપિંડીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં સુરતમાં અમેરિકાના વિઝા અપાવવાની લાલચ આપીને ૧૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. જેમાંપોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત મુજબ સુરતમાં રહેતા એક વેપારીએ તેની પત્નીના સ્પોન્સર વિઝા કઢાવવા માટે ખેડાના કાર્તિકપારેખનો સંપર્ક સાધ્યો હતો. કાર્તિક પારેખે વેપારીને વિઝા અપાવવાની લાલચ આપીને તેની પાસેથી ટુકડે ટુકડે રૂપિયા ૧૦ લાખ પડાવ્યા હતા. પરંતુ વિઝા આપવાના સમયે જ ગઠિયો કાર્તિક પારેશ ગાયબ થઈગયો હતો. જેને પગલે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદ ખાતે 'હર ઘર તિરંગા' અંતર્ગત નાગરિકોને તિરંગાનું વિતરણ કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

'હર ઘર તિરંગા' કાર્યક્રમ અભિયાનની ઉજવણીને અનુલક્ષી અમદાવાદ સ્વસ્તિક ચાર રસ્તા ખાતે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તિરંગા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે રાહદારીઓને, બસમાં સવાર નાગરિકો, તેમજ કાર કે ટુ- વ્હીલર પર સવાર નાગરિકોને તિરંગાનું વિતરણ કરાયું હતું.



તિરંગા વિતરણ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને અનુસરીને કાશ્મીરથી કન્યાકુમારી સુધી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ લોકોએ તિરંગામય બની છેલ્લા બે વર્ષથી 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરી છે. આ વર્ષે પણ શાળાઓ, વિવિધ વિભાગની સંસ્થાઓ તેમજ ગુજરાતના ૧૪ હજારથી વધુ ગામડાઓમાં તિરંગાયાત્રામાં જોડાવાના છે, સાથેજ ગુજરાત પોલીસ દ્વારા ગુજરાતના શહેરોમાં નગરોમાં તિરંગાનું વિતરણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૧૩મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મળીને અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રા યોજશે.

અત્રે ઉલલેખનીય છે કે, ભારતનો રાષ્ટ્રધ્વજ દેશવાસીઓ માટે આન-બાન-શાન છે. આ રાષ્ટ્રધ્વજના સન્માનમાં રાજ્ય સરકાર દ્વારા તા. ૮ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે.

'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આગામી તારીખ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ અમદાવાદ મહાનગર પાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન રાજ્યના તમામ ઘરો, દુકાનો, ઉદ્યોગ અને વેપારી ગૃહો, ધાર્મિક અને આઈકોનિક તથા ટૂરિસ્ટ પ્લેસ, સરકારી અને અર્ધસરકારી ખાનગી કચેરીઓ સહિત તમામ જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે તેમજ તમામ ઝોનના ડીસીપી તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૪૫,૦૦,૦૦,૦૦૦ કરોડની જોગવાઈ સાથે નવી યોજના

# ખેડૂતો માટે ગુજરાત સરકારે નવી યોજના અમલમાં મૂકી

### રાજ્યના ખેડૂતોને દાણાદાર યુરિયાના બદલે નેનો યુરિયાનો ઉપયોગ કરવાની ભલામણ કરતા કૃષિ મંત્રી

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ બાદ રાજ્યના ખેડૂતોએ પુષ્કળ પ્રમાણમાં પાક વાવેતર કર્યું છે. ખેડૂતો વધુ પાક ઉત્પાદન અને આવક મેળવી આર્થિક રીતે સજ્જ થવા હાલ ખેતીમાં પોતાનો જીવ રેડી રહ્યા છે. પરંતુ રાજ્યના કેટલાક ખેડૂતો વધુ આવક મેળવવાની લાલચમાં રસાયણિક ખાતર અને પરંપરાગત દાણાદાર યુરીયા ખાતરોનો આડેધડ ઉપયોગ કરતા હોય છે, જે જમીનના સ્વાસ્થ્ય ઉપરાંત પર્યાવરણને પણ નુકશાન કરે છે. રાજ્યના ખેડૂતોને દાણાદાર યુરિયાના બદલે નેનો યુરિયાનો ઉપયોગ કરવાની ભલામણ કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, નેનો યુરિયાની ૫૦૦ મિ.લી.ની એક બોટલ, ૪૫ કિ.ગ્રા. દાણાદાર યુરિયાની એક થેલીની ગરજ સારે છે. સાથે જ નેનો યુરીયાની કાર્યક્ષમતા પણ દાણાદાર યુરીયા કરતા ૯૦ ટકાથી વધારે છે. દાણાદાર યુરીયા ખેતરમાં નાખવામાં આવે છે ત્યારે, માત્ર ૨૦ થી ૩૦ ટકા ખાતરનો જ નાઈટ્રોજન સ્વરૂપમાં ઉપયોગ થાય છે. જ્યારે, બાકીનું યુરીયા ખાતરનો વ્યય થાય છે. ખાતરનો વ્યય અટકાવીને જમીનનું સ્વાસ્થ્ય જાળવવા માટે નેનો યુરિયા શ્રેષ્ઠ વિકલ્પ છે. કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ખેડૂતો દાણાદાર યુરિયાના સ્થાને નેનો યુરીયાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે આ વર્ષે નવી પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત નેનો યુરિયાની ખરીદી પર ખેડૂતોને પ્રતિ હેકટર વધુમાં વધુ રૂ. ૭૫૦ની મર્યાદામાં સીધી ખરીદ કિંમત પર સહાય આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪ ૨૫ દરમિયાન આ યોજના અંતર્ગત ૪૫ લાખ નેનો યુરીયાની બોટલ પર સહાય આપવામાં આવશે. નેનો યુરીયાના વપરાશને પ્રોત્સાહિત કરતી આ યોજના માટે અંદાજપત્રમાં રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રી રાઘવજી પટેલે રાજ્યના ખેડૂત મિત્રોને અનુરોધ કરતા કહ્યું હતું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે પણ તાજેતરમાં જ નેનો યુરીયા માટે ગુજરાત સરકારે અમલમાં મૂકેલી પ્રોત્સાહક યોજનાની સરાહના કરીને મહત્તમ ખેડૂતો દાણાદાર યુરિયાની અવેજમાં નેનો યુરીયાનો ઉપયોગ કરે તે માટે હિમાયત કરી હતી. ખેડૂતોને નેનો યુરિયા પોતાના નજીકના ખાતર ડેપો, સહકારી મંડળીઓ, એગ્રો બિઝનેસ સેન્ટર, ખાતરની દુકાન ખાતે સરળતાથી ઉપલબ્ધ થશે. યુરિયાની બોટલ નાની હોવાથી ખેડૂતો બજારમાં ખરીદી કરવા જાય ત્યારે, પોતાની સાથે થેલીમાં યુરીયાની બે પાંચ બોટલ સરળતાથી લઈ આવી શકે છે.

### પાણીના સેમ્પલ ટેસ્ટ માટે લેવામાં આવ્યા

# વડોદરામાં વકર્યો મચ્છર અને પાણીજન્ય રોગચાળો

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા શહેરમાં ચોમાસાના આરંભે જ પાણીજન્ય રોગચાળા વધ્યો હોવાના કિસ્સા સામે આવ્યા. હોસ્પિટલમાં જોવા મળતી લાંબી લાઈનોમાં એક જ દિવસમાં વધી મેલરિયાના દર્દીમાં વધારો થયો છે. ડેંગ્યુના શકાસ્પદ ૨૯ દર્દીમાંથી ૩ દર્દી પોઝેટીવ ગોકુલનગર, દિવાળીપુરા અને મુજમહુડામાં ડેન્ગયુના કેસ નોંધાયા છે. તેમજ આજવા રોડની ૫૦ વર્ષીય મહિલા કોલેરા પોઝેટીવ આવી છે. પાણીજન્ય રોગચાળો વધતા આરોગ્ય વિભાગ એલર્ટ થયું છે. વિવિધ વિસ્તારોમાંથી પાણીના અને ખાવાના સેમ્પલ લેવામાં આવી રહ્યા છે.તેમજ વિભાગ દ્વારા ૧૬,૮૮૮ મકાનોમાં ફોગીંગ કરાયુ છે. વિભાગ દ્વારા પાણીના સેમ્પલ ટેસ્ટ માટે લેવામાં આવ્યા જેમાંથી કન્સ્ટ્રકશન સાઈડ પર મચ્છરના પોરા મળતા નોટિસ ફટકારવામાં આવી છે. ચોમાસાના આરંભ પહેલા જ શહેરમાં તાવ, શરદી અને ઉધરસ જેવી સામાન્ય બીમારીઓના દર્દીઓની સંખ્યા વધી છે. હીટવેવ બાદ વરસાદનું આગમન થતા ઘણા લોકોને બદલાતા વાતાવરણની અસર થઈ છે.

# રાજકોટના લોકમેળામાં આ વખતે રાઇડ્સ જોવા નહીં મળે

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

રાજકોટનો લોકમેળો સમગ્ર સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો છે, પાંચ દિવસના આ મેળામાં અંદાજે ૧૦ લાખ લોકો તેનો લ્હાવો લેવા માટે પહોંચતા હોય છે. રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર અહીની રાઈડ્સ હોય છે પરંતુ આ વખતે રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ જ જોવા નહીં મળે એવું બની શકે છે.તેની પાછળનું કારણ એ છે કે TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ કલેક્ટરે જન્માષ્ટમીના મેળામાં તકેદારી રાખી રહ્યા છે. યાંત્રિક રાઈડ્સધારકો અને જિલ્લા કલેક્ટર વચ્ચે SOP માં બદલાવ કરવાને લઈ બેઠક થઈ હતી, જે સંપૂર્ણ નિષ્ફળ રહી હતી. રાજકોટના લોકમેળામાં યાંત્રિક રાઈડ્સ ધારકો કલેક્ટરની SOP થી નારાજ છે.રાજકોટના લોકમેળા માટે આજે યાંત્રિક રાઈડ્સ ધારકોએ કલેક્ટર સાથે બેઠક કરી હતી. જેમાં કલેક્ટરે જાહેર કરેલી SOP ને લઈ ચર્ચા થઈ હતી. યાંત્રિક રાઈડ્સ ધારકોએ આ SOP માં ફેરફાર કરવા માટે રજૂઆત કરી એટલું જ નહીં તેમણે એવું પણ કહ્યું કે, જો SOPમાં ફેરફાર નહિ થાય તો પ્લોટની હરરાજીમાં ભાગ લેશે નહિ અને મેળામાં યાંત્રિક રાઈડ્સ જોવા મળશે નહીં.જિલ્લા કલેક્ટર દ્વારા રાઈડ્સની ફિઝિબિલિટી,રાઈડ્સનું સ્ટ્રકચર,જમીનની ગુણવત્તા સહિતના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. SOP પ્રમાણે આ વખતે લોકમેળામાં સ્ટોલ અને રાઈડ્સમાં ૩૦ ટકાનો ઘટાડો કરાવામાં આવશે. સાથે SOPમાં અમુક પ્રકારના રાઈડ્સની ગુણવતાને લઈને ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે, જેની કિંમત અંદાજે ૧-૨ લાખ આસપાસ છે. જેને કારણે યાંત્રિક રાઈડ્સ ધારકોએ SOP માં બદલાવ માટેની માંગણી કરી હતી.

### બંને ઉદ્યોગો પુનરુત્થાનના તબક્કામાં છે

# બાંગ્લાદેશમાં અશાંતિના કારણે ગુજરાતની કાપડ અને કેમિકલની નિકાસમા અવરોધ

### ગુજરાતના કાપડ ઉદ્યોગમાં ઓછામાં ઓછા રૂ. ૧,૦૦૦ કરોડના વ્યવહારોને અસર થઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

બાંગ્લાદેશનો કાપડ ઉદ્યોગ, જે નિકાસ પર ભારે નિર્ભર છે, તે પહેલાથી જ અસરગ્રસ્ત છે. ગુજરાતના કોટન યાર્નની લગભગ ૬૦% નિકાસ બાંગ્લાદેશમાં થાય છે, અને સાવચેતીના ભાગરૂપે નવા શિપમેન્ટને અટકાવવામાં આવ્યું છે. લગભગ ૧૦૦ કન્ટેનર, દરેકનું વજન ૨૦ ટન છે, નિકાસ ક્યારે ફરી શરૂ થઈ શકે તેની સ્પષ્ટતાની રાહ જોઈને ગુજરાતના બંદરો પર ફસાયેલા છે.

"બાંગ્લાદેશ ગુજરાત સ્થિત સ્પિનિંગ ઉદ્યોગ માટે લગભગ ૬૦% હિસ્સા સાથે સૌથી મોટું નિકાસ બજાર છે. આ ઉદ્યોગ પર નોંધપાત્ર અસર પડશે. હાલમાં નિકાસ બંધ છે. અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ," GCCI ટેક્સટાઈલ ટાસ્કફોર્સના સહ-અધ્યક્ષ રાહુલ શાહે જણાવ્યું હતું.

કેમિકલ ઉદ્યોગ પણ પડકારોનો સામનો કરી રહ્યો છે. "ગુજરાતના ડાઈસ્ટફ ઉત્પાદકો દર મહિને લગભગ ૩,૫૦૦ થી ૪,૦૦૦ ટન રંગો, મુખ્યત્વે પ્રતિક્રિયાશીલ રંગો, બાંગ્લાદેશને સપ્લાય કરે છે, જે રાજ્યની ડાઈ નિકાસના લગભગ ૧૫% છે," ગુજરાત ડાઈસ્ટફ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ના વાઈસ પ્રેસિડેન્ટ નિલેશ દામાણીએ જણાવ્યું હતું. ) "અમે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને સંભવિત નુકસાનને ઘટાડવા માટે નિકાસકારોની તાત્કાલિક બેઠક યોજવા જઈ રહ્યા છીએ." અમદાવાદથી બાંગ્લાદેશમાં લગભગ ૧૫૦ કંપનીઓ પ્રતિક્રિયાશીલ રંગોની મહત્વપૂર્ણ નિકાસકારો છે.

બંને ઉદ્યોગો કટોકટીના ઝડપી નિરાકરણ અને સામાન્ય વેપાર સંબંધોમાં પાછા ફરવાની આશા રાખે છે. નિકાસ બજારો અને વૈકલ્પિક પુરવઠા શૃંખલાઓને વૈવિધ્યીકરણ સહિત તેમના વ્યવસાયો પરની અસરને ઘટાડવા માટે ઉદ્યોગના નેતાઓ આકસ્મિક યોજનાઓ પર વિચાર કરે તેવી અપેક્ષા છે. જયશંકરે રાજ્યસભામાં ખુલાસો કર્યો હતો કે બાંગ્લાદેશમાં ૫ ઓગસ્ટના વિરોધ પ્રદર્શન દરમિયાન અનેક લઘુમતી માલિકીના વ્યવસાયો અને મંદિરો પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે ખાતરી આપી કે ભારત સરકાર બાંગ્લાદેશમાં ભારતીય સમુદાય સાથે સતત સંવાદ જાળવે છે, જેમાં ત્યાં રહેતા ૧૯,૦૦૦ ભારતીય નાગરિકોમાંથી લગભગ ૯,૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# લગ્નજીવનના ત્રણ વર્ષમાં જ ત્રાસ આપી સાસરિયાઓએ મહિલાને કાઢી મૂકી

। (એજન્સી) આણંદ, તા.૮ ।

મૂળ આણંદ શહેરના પાધરીયા વિસ્તારની અને હાલ અમદાવાદ રહેતી યુવતીના લગ્ન આણંદ શહેરના પરિવાર પાર્ટીપ્લોટ નજીક આવેલ સોસાયટીમાં થયા હતા. લગ્ન જીવનના ત્રણ વર્ષમાં જ પતિ સાસરીયાઓએ રુ. ૫ લાખનું દહેજ અને મકાન લઈ આપવાની માંગણી કરી. તેમને ત્રાસ આપ્યો હતો. જેથી ના છુટકે યુવતીએ પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને નણંદ વિરુદ્ધ પોતાની ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદ ગોમતીપુર વિસ્તારમાં ઉષા ટોકીઝ સામે રહેતા અને મૂળ આણંદ પાધરિયાના નગમાબાનુ પઠાણના લગ્ન ૬ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ આણંદ મીરાદાતાર સોસાયટી પરિવાર પાર્ટી પ્લોટ પાછળ રહેતા તૌસીફબેગ યુસુફબેગ મીરજા સાથે સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. લગ્ન વખતે પિયરમાંથી મળેલા સોના ચાંદીના દાગીના અન્ય ભેટ લઈ તેઓ સાસરીમાં આવ્યા હતા. તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. ત્રણ મહિના તેમનો સંસાર સારો ચાલ્યો. તેમના પતિ તૌશીફબેગ મીરઝા મોબાઈલ ફોનમાં ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામ ઉપર ફેક આઈડી તથા સોશિયલ મીડીયા ઉપર ફેક એકાઉન્ટ બનાવી બીજી અન્ય સ્ત્રીઓ સાથે ચેટીંગ કરી તેમને પ્રેમ જાળમાં ફસાવતા હતા. આ અંગે તેમને જાણ થતા પતિને ઠપકો આપ્યો હતો. એટલે પતિએ ફરી આવું નહીં કરુ તેમ કહ્યું હતું. ત્યારબાદ પણ તૌસીફબેગ સુધર્યા નહોતા. બીજી બાજુ નગમાબાનુને સારા દિવસો જવા લાગ્યા ત્યારે સાસુ, સસરા, જેઠ, જેઠાણી, નણંદ વગેરે નાની નાની બાબતોમાં તેમની સાથે વાંક પાડી ઝઘડો કરતા હતા. અને પતિને ચઢવતા હતા.અને કહેતા હતા. તું પિયરમાંથી કશું લાવી નથી. તારા બાપના ઘરેથી રુ. ૫ લાખ લઈ આવ. તથા મકાન માટે પૈસા લઈ આવ. બાઈક માટે પૈસા લઈ આવ. આમ સતત માંગણી કરતા હતા.

## વિશેષ

### ઝેરમુક્ત ખેતી કરીને લોકોને ઝેરમુક્ત ખોરાક પૂરો પાડવો એ પ્રભુકાર્ય : ભૂપતસિંહ ઝાલા

# દસ્ક્રોઇના ઉન્દ્રેલના ખેડૂત કરી રહ્યા છે મિશન મોડ પર પ્રાકૃતિક ખેતી - ગામના ૨૨ ખેડૂતો સહિત સખી મંડળની બહેનોને પણ કરી પ્રાકૃતિક ખેતી માટે તૈયાર

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ દિન - પ્રતિદિન વધી રહ્યો છે. વધુ ને વધુ ખેડૂતો આજે ફળ પાકો, શાકભાજી પાકો અને સામાન્ય પાકોમાં પ્રાકૃતિક કૃષિ થકી સારા પરિણામો મેળવી રહ્યા છે. અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ઉન્દ્રેલ ગામના ખેડૂત ભૂપતસિંહ ઝાલા છેલ્લાં ચાર વર્ષથી પ્રાકૃતિક કૃષિ થકી શાકભાજી પાકોમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે. એટલું જ નહિ, મિશન મોડ પર પ્રાકૃતિક કૃષિ અપનાવીને તેમણે પોતાના ગામના ૨૨ જેટલા ખેડૂતોને રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક ખેતી અપનાવતા કર્યા છે તેમજ પોતાના અને આસપાસનાં ગામોના ખેડૂતો તથા સખીમંડળની બહેનોને પણ પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે તાલીમ સહિત તમામ પ્રકારની મદદ પૂરી પાડી રહ્યા છે.

ભૂપતસિંહ પોતાના ખેતરમાં પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અપનાવીને સંપૂર્ણપણે ગાય આધારિત ખેતી થકી વિવિધ શાકભાજી પાકો સફળતા પૂર્વક લઈ રહ્યા છે. પોતાની પ્રાકૃતિક કૃષિની સફર





અંગે વાત કરતાં ભૂપતસિંહ ઝાલા જણાવે છે કે તેઓ છેલ્લાં ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. તેઓ પ્રાકૃતિક કૃષિ અને આંતરપાક પદ્ધતિ થકી એક વીઘામાં એક સાથે એક સીઝનમાં ત્રણ જેટલા પાકો પણ લઈ શકે છે. તેઓ ગાય આધારિત ખેતી થકી ગીલોડા, રીંગણા, ગવાર, મરચાં, રવૈયા, ભીંડા, ટિંડોડા, ગલકા સહિતના શાકભાજી પાકો લઈ રહ્યા છે. તેઓ કહે છે કે પ્રાકૃતિક ખેતીથી તેમની જમીનમાં અળસિયા વધ્યા છે, જેના લીધે જમીનની ભેજ સંરક્ષણશક્તિ અનેકગણી વધી છે. ભૂપતસિંહ વધુમાં વાત કરતાં જણાવે છે કે, ઝેરમુક્ત ખેતી કરીને લોકોને ઝેરમુક્ત ખોરાક પૂરો પાડવો એ ભગવાનનું કાર્ય હોય તેવી અનુભૂતિ થાય છે. ગાય આધારિત ખેતી કરીને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાથી આત્મસંતોષની લાગણી અનુભવાય છે. પહેલા રાસાયણિક ખેતીથી પકવેલા શાકભાજી અમારા ઘરના બાળકો જ ખાતા નહોતા, પરંતુ પ્રાકૃતિક ખેતીથી પકવેલા શાકભાજીનો સ્વાદ એટલો સરસ હોય છે કે હવે બાળકો સહિત અમે પણ દર બીજા ત્રીજા દિવસે અમારા પોતાના શાકભાજી આરોગીએ છીએ. પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજી ઉત્પાદનની પોતાની સફળતાનો શ્રેય બાગાયત વિભાગને આપતા ભૂપતસિંહ જણાવે છે કે, બાગાયત વિભાગના અધિકારીશ્રીઓએ પહેલેથી જ દરેકે દરેક તબક્કે સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. જ્યાં પણ મૂંઝવણ અનુભવાય ત્યાં તેમની સલાહ સૂચન લઈને આગળ વધીએ છીએ.

આ ઉપરાંત, અગાઉ બાગાયત વિભાગની કાચા માંડવાની સહાય મળેલી હતી તથા આ વર્ષે અન્ય સહાયનો પણ લાભ મેળવવા અરજી કરેલ છે. બાગાયત વિભાગના સતત સહકાર અને પરિણામે જ મારા ગામના ૨૨ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવામાં સફળ રહ્યો છું. સાથે જ, આત્મામાં પણ હું ટ્રેનર તરીકેની જવાબદારી નિભાવું છું અને આસ પાસના પાંચ ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપું છું. ઉન્દ્રેલ ગામના ખેડૂતો પણ રાસાયણિક ખેતીથી પ્રાકૃતિક ખેતી તરફની તેમની સફર બદલ ભૂપતસિંહ ઝાલાનો આભાર વ્યક્ત કરે છે.

## ન્યૂઝ બ્રિફ

### લિકર પોલિસી કેસમાં કેજરીવાલને રાહત નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હીના લિકર પોલિસી કૌભાંડ દારૂ કૌભાંડ સંબંધિત CBIના કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટે ગુરુવારે (આઠમી ઓગસ્ટ) મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ ૨૦મી ઓગસ્ટ સુધી લંબાવી છે. કેજરીવાલને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરાયા હતા. સોમવારે (પાંચમી ઓગસ્ટે) દિલ્હી હાઈકોર્ટે લિકર પોલિસી કૌભાંડમાં મુખ્યમંત્રી કેજરીવાલની જામીન અરજી ફગાવી દીધી છે. હવે કેજરીવાલ હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવશે. હાઈકોર્ટના આદેશ બાદ હવે તેઓ જેલમાંથી બહાર નહીં આવી શકે. સીબીઆઈ કેસમાં ધરપકડને ગેરકાયદે જાહેર કરતી અરજી પણ કોર્ટે ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી પણ ફગાવી દીધી છે. હાઈકોર્ટે જામીન માટે નીચલી કોર્ટમાં જવાનું કહ્યું છે.

### વિપક્ષોના આરોપોથી પરેશાન થયેલા જગદીપ ધનખડે વોકઆઉટ કર્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય ઈતિહાસમાં કલંક સમાન ઘટના આજે રાજ્યસભામાં બની હતી. વિપક્ષીઓના હોબાળા અને બેફામ આક્ષેપબાજીથી નારાજ થયેલા રાજ્યસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અત્યંત પીડા સાથે પોતાની ખુરશી છોડીને ચેમ્બરમાં ચાલ્યા ગયા હતા. વાસ્તવમાં વિનેશ ફોગાટના ઓલિમ્પિકમાંથી બહાર થઈ જતા દેશવાસીઓ દુખી છે. આ મુદ્દે આજે રાજ્યસભામાં પણ ભારે હોબાળો થયો. આ વાત પર વિપક્ષના નેતા ખડગેએ રાજ્ય સભામાં આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાજ્યસભાના અધ્યક્ષે ખડગેને મંજૂરી ન આપી. જ્યારે TMCના સાંસદ ડેરેક ઓ બ્રાયને ઊંચા અવાજે હોબાળો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પણ અધ્યક્ષે ચેતવણી આપી. અધ્યક્ષે ડેરેકને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે જો તે આ કૃત્યનું પુનરાવર્તન કરશે તો તેમને રાજ્યસભામાંથી બહાર તગેડી મૂકાશે. ત્યારબાદ વિપક્ષમાં સામેલ કોંગ્રેસ-ટીએમસી અને અન્યો પક્ષોના સાંસદોએ ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું હતું.

### રણદીપ સુરજેવાલાએ વિનેશ ફોગટ માટે કરી આ મોટી માંગ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કોંગ્રેસ મહાસચિવ રણદીપ સુરજેવાલાએ રેસલર વિનેશ ફોગટને માત્ર ૧૦૦ ગ્રામ વજનના કારણે પેરિસ ઓલિમ્પિકમાંથી અયોગ્ય ઠેરવવા પર કેન્દ્ર સરકાર પર મોટો પ્રહાર કર્યો છે. સુરજેવાલાએ કહ્યું કે આખો દેશ આશા રાખે છે કે વિનેશ ફોગટ ફરીથી ઊભી થશે થશે અને લડશે. પરંતુ ભારત સરકાર મૌન કેમ છે? ભારતીય ઓલિમ્પિક સંઘે આ મામલે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘ સાથે વાત કરવી જોઈએ. આ મેડલ માત્ર વિનેશ માટે નહીં પરંતુ દેશ માટે છે. તેમણે કહ્યું કે કમનસીબે રમતગમત મંત્રીએ માહિતી આપી છે કે વિનેશ ફોગાટ પર ૧૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. સુરજેવાલાએ કહ્યું કે સિંહણ ક્યારેય હારતી નથી. વિનેશે દેશ માટે સર્વસ્વ બલિદાન આપ્યું. તેણીએ નિવૃત્તિની જાહેરાત ચોક્કસ કરી છે પરંતુ મને આશા છે કે દેશની આ પુત્રી ઉભી થશે અને લડશે. આ માત્ર પરિવારની જ નહીં પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓની અપીલ છે. હું અહીં એક વાત કહેવા માંગુ છું કે દેશની સરકાર મૌન કેમ સેવી રહી છે?




નવી દિલ્હીમાં ઉદ્યોગ સંસ્થા FICCI દ્વારા આયોજિત Ammo India કોન્ફરન્સ દરમિયાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે પ્રદર્શનની મુલાકાત કરી હતી.

# પુણેમાં એક જ દિવસમાં ઝિકા વાયરસના આઠ નવા કેસ

## પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી) દ્વારા રજૂ કરાયેલા અહેવાલ મુજબ, તેમાં ૭ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે

। (એજન્સી) પુણે, તા.૮ ।

મહારાષ્ટ્રના પુણેમાં ઝીકા વાયરસનો ખતરો વધી રહ્યો છે. બુધવારે પણ શહેરમાં ચેપના ૮ નવા કેસ નોંધાયા હતા. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી) દ્વારા રજૂ કરાયેલા અહેવાલ મુજબ, તેમાં ૭ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે. દરેકની સ્થિતિ સામાન્ય છે. જૂનથી અત્યાર સુધીમાં લગભગ ૮૧ કેસ નોંધાયા છે. એક વરિષ્ઠ આરોગ્ય અધિકારીએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું કે અત્યાર સુધીમાં ચાર દર્દીઓના મોત થયા છે, પરંતુ તે બધા ચેપ સિવાય અન્ય ઘણી બીમારીઓથી પીડિત હતા. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કુલ સંક્રમિત લોકોમાં ૨૬ સગર્ભા સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે, પરંતુ સદભાગ્યે તેમાંથી મોટા ભાગના લોકો સ્વસ્થ છે અને આ વર્ષે ૨૦ જૂને શહેરમાં ઝીકા વાયરસના ચેપનો પ્રથમ કેસ નોંધાયો હતો. તે ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે એરંડવાને વિસ્તારમાં ૪૬ વર્ષીય ડૉક્ટરનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો. આ પછી, તેમની ૧૫ વર્ષની પુત્રીમાં પણ ચેપની પુષ્ટિ થઈ. આરોગ્ય વિભાગના અધિકારીઓનું કહેવું છે કે અત્યાર સુધીમાં ૪ લોકોના મોત થયા છે. પરંતુ આ દર્દીઓને હૃદયની સમસ્યા અને લીવરની બીમારીઓ પણ હતી, જેના કારણે આ ચાર દર્દીઓની ઉંમર ૬૮ થી ૭૮ વર્ષની વચ્ચે હતી. તમને જણાવી દઈએ કે આ વાયરસ સંક્રમિત એડીસ મચ્છરના કરડવાથી ફેલાય છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) અનુસાર, ઝિકા વાયરસ પ્રથમ વખત ૧૯૪૭ માં પૂર્વ આળિકન દેશ યુગાન્ડામાં જોવા મળ્યો હતો, તેનું નામ કરણ પણ યુગાન્ડાના જંગલોના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે જ સમયે, વન વાંદરાઓ પ્રથમ વખત અલગ કરવામાં આવ્યા હતા. આ પછી, વર્ષ ૧૯૫૨ માં, ઝિકા વાયરસે યુગાન્ડા અને તાન્ઝાનિયાના લોકોને ઘેરી લીધા હતા, માનવ કોષોમાં વાયરસનો આ પ્રથમ દસ્તક હતો. આ પછી, આ વાયરસથી સંબંધિત કેસ અન્ય દેશોમાં મળવા લાગ્યા અને ધીમે ધીમે આ રોગ ફેલાઈ ગયો.આ એડીસ મચ્છર (એક વિશિષ્ટ પ્રકારનો મચ્છર) દ્વારા ફેલાતો રોગ છે, તેને મચ્છરજન્ય ફ્લેવીવાયરસ પણ કહેવામાં આવે છે. જે માનવ શરીરના માત્ર કોષોનો ઉપયોગ કરીને તેનું કદ વિસ્તરે છે. કેટલાક લોકોમાં, આ રોગના લક્ષણો પ્રભાવિત થયાના ઘણા દિવસો પછી દેખાય છે. ઉપરાંત, સંક્રમિત થયા પછી પણ, મોટાભાગના લોકોને ખ્યાલ નથી હોતો કે તેઓ ઝિકા વાયરસથી સંક્રમિત થયા છે.આ રોગ મોટે ભાગે સગર્ભા સ્ત્રીઓને અસર કરે છે, આ રોગ ગર્ભને અસર કરી શકે છે. આ વાયરસને કારણે ગર્ભનું મગજ સંપૂર્ણ રીતે વિકસિત નથી થતું. ઉપરાંત, ઝીકા વાયરસમાં આરએનએ જીનોમ જોવા મળે છે, જેના કારણે તે મ્યુટેશન એકઠા કરવાની વધુ ક્ષમતા ધરાવે છે. આ સિવાય બાળકના જન્મ સમયે તેના લક્ષણો પણ જોઈ શકાય છે. મગજના વિકાસનો અભાવ, નબળી દૃષ્ટિ વગેરે જેવા અન્ય કેટલાક લક્ષણો જોવા મળી શકે છે. આ વાઈરસના લક્ષણો સામાન્ય રીતે સ્વર નથી હોતા અને મોટાભાગના લોકો તેના ચિહ્નોથી અજાણ રહે છે. લોકો આ રોગનો શિકાર બને છે, પરંતુ હજુ પણ તેનાથી અજાણ રહે છે કારણ કે કોઈ દેખીતા ચિહ્નો નથી. જો કે, આ વાયરસની અસરને કારણે સીધા લક્ષણો છે, જેમ કે તાવ, સાંધામાં દુખાવો, સ્નાયુઓમાં દુખાવો અને માથાનો દુખાવો જે બે થી સાત દિવસ સુધી રહી શકે છે.

#### મુસ્લિમ કાઉન્સિલે કરી અપીલ

## બ્રિટનમાં હિંસા વચ્ચે હજારો લોકો વંશવાદના વિરોધમાં રસ્તા પર ઉતર્યા

। (એજન્સી) બ્રિટન, તા.૮ ।



બ્રિટનમાં છેલ્લા ઘણા દિવસોથી હિંસા થઈ રહી છે. વસાહતીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. દરમિયાન, ઈમિગ્રન્ટ્સ અને વંશીય લઘુમતીઓ સાથે એકતા દર્શાવવા જાતિવાદ સામે વિરોધ કરવા બુધવારે હજારો લોકો ઈંગ્લેન્ડની શેરીઓમાં ઉતર્યા હતા. તે જ સમયે, અધિકારીઓએ ચેતવણી આપી છે કે રમખાણોમાં સામેલ લોકોને બક્ષવામાં આવશે નહીં અને તેમને સખત સજા કરવામાં આવશે.બીજી તરફ, બ્રિટનની મુસ્લિમ કાઉન્સિલે દેશના મુસ્લિમ સમુદાયને 'નફરત અને હિંસા'ના આ સમયમાં સુરક્ષિત અને એકજૂટ રહેવાની અપીલ કરી છે. બ્રિટનમાં ફેલાયેલી આ હિંસાને છેલ્લા ૧૩ વર્ષમાં સૌથી મોટી તોફાન ગણાવવામાં આવી રહી છે.ઉત્તર-પશ્ચિમ ઈંગ્લેન્ડમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ ઈમિગ્રેશન વિરોધી વિરોધીઓ અને વિરોધી પ્રદર્શનકારીઓ વચ્ચેની અથડામણ પછી બ્રિટનમાં હિંસા ફાટી નીકળી છે. દેશભરમાં અશાંતિ છે, પથ્થરમારો અને આગચંપી સામાન્ય બની ગઈ છે. બ્રિટિશ પોલીસે પણ ચેતવણી આપી છે કે ભવિષ્યમાં વધુ હિંસા થવાની સંભાવના છે. મીડિયા સાથે વાત કરતા, પીએમ સ્ટારમેરે કહ્યું કે "તેની પાછળની પ્રેરણાઓને ધ્યાનમાં લીધા વિના" ધરપકડ, આરોપો અને દોષિત ઠેરવવામાં આવશે. વડા પ્રધાને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાઓને ચેતવણી આપતાં કહ્યું કે, "તમારામાંથી જેમણે આમાં ભાગ લીધો તેઓને પસ્તાવો થશે."

#### ઉત્તરાખંડમાં આગાહીએ વધારી ચિંતા

## દિલ્હી-એનસીઆરને મળશે રાહત, ગુજરાત-મહારાષ્ટ્રમાં વરસાદનું એલર્ટ

### દિલ્હીમાં અઠવાડિયાના અંતથી આવતા સપ્તાહ સુધી હળવાથી મધ્યમ અને ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।



દિલ્હી-એનસીઆરમાં બુધવારે જોરદાર વરસાદ પડ્યો હતો. હાલત એવી હતી કે દિલ્હીથી એનસીઆરને જોડતા રસ્તાઓ પર પાણીમાં ગરકાવ હતા. જેને કારણે ઓફિસથી ઘરે જતા સમયે લોકોને લાંબા ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગે રાજધાની દિલ્હી માટે ગુરુવારે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તેમજ ભારે વરસાદને ધ્યનામાં રાખતા દિલ્હી પોલીસે એડવાઈઝરી જાહેર કરી છે. IMDના જણાવ્યા અનુસાર, દિલ્હીની આસપાસ મોનસુન ટર્ફ રચાયું છે, તેથી આ અઠવાડિયાના અંતથી આવતા સપ્તાહ સુધી હળવાથી મધ્યમ અને ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. તેમજ આગામી ૪-૫ દિવસ દિલ્હીમાં હળવાથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, અસમ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. તેમજ રાજસ્થાન, યુપી, હિમાચલ પ્રદેશ, હરિયાણા, એમપી, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, અરુણાચલ પ્રદેશ, બિહાર, ઓડિશા, કર્ણાટક અને ગુજરાતમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. તેમજ કેટલાક રાજ્યોમાં ઝડપી પવન ફૂંકાવાની સાથે વીજળી પડવાને લઈને પણ એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તરાખંડમાં ફરી એકવાર વરસાદને લઈને હવામાન વિભાગે એલર્ટ આપ્યું છે. પ્રદેશના તમામ જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા જણાવી છે. ઉત્તરાખંડમાં ગત અઠવાડિયે વાદળ ફાટતા અનેક લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા અને એનડીઆરએફની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી અનેક લોકોના જીવ બચાવ્યા હતા. ત્યારે હવામાન વિભાગની આ આગાહીએ ચિંતા વધારી હતી. હવામાન વિભાગે બુધવારે રાત્રે દિલ્હી-દ્રઝઈમાં ભારે વરસાદની આગાહી કરી હતી. તેમજ હવામાન વિભાગે દિલ્હી તેમજ પૂર્વ રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, સિક્કિમ અને ઉત્તરપૂર્વમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

### બિહારના એક ગામમાં PMOનો આવ્યો પત્ર

। (એજન્સી) પટણા, તા.૮ ।

બિહારમાં ખગરિયાનું એક નાનકડું ગામ મેઘૌના આવેલું છે. જ્યાં PMO તરફથી પત્ર આવ્યો છે. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે, આ પત્ર જોઈને આખું ગામ ચોંકી ગયું છે અને ખુશીથી નાચવા લાગ્યું છે. બધાને એ વાતની ઉત્સુકતા હતી કે આ પત્ર વડાપ્રધાન કાર્યાલયમાંથી શા માટે મોકલવામાં આવ્યો અને તેમાં શું લખ્યું છે? જ્યારે પત્ર ખોલીને વાંચવામાં આવ્યો ત્યારે તેમાં શું લખ્યું છે તે જાણ્યા પછી બધાના ચહેરા પર આનંદથી સ્મિત આવી ગયા. ગામમાં વડીલોથી લઈને બાળકો સુધીના દરેક લોકો ખુશ છે. મેઘૌના એ બિહારના ખગરિયાનું એક નાનકડું ગામ છે. જ્યાં પીએમઓ તરફથી પત્ર આવ્યો છે. આ પત્ર ખગરિયાના અલૌલી બ્લોકની મેઘના પંચાયતને મોકલવામાં આવ્યો હતો. અહીં આ પત્ર ગામના વર્તમાન વડા આકાંક્ષા બાસુને મોકલવામાં આવ્યો હતો. જ્યારે પત્ર ખોલીને વાંચવામાં આવ્યો ત્યારે આખું ગામ નાચવા લાગ્યું હતું. વડાપ્રધાન કાર્યાલય તરફથી આકાંક્ષાને મોકલવામાં આવેલા આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, તમને દિલ્હી આવવાનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં ૧૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજને સલામી આપશે.

#### સન્માન અને સુવિધાઓ મળશે... સીએમની જાહેરાત

## હરિયાણામાં સિલ્વર મેડલ વિજેતા તરીકે વિનેશ ફોગાટને પુરસ્કાર

। (એજન્સી) હરિયાણા, તા.૮ ।



હરિયાણા સરકાર સિલ્વર મેડલ વિજેતા તરીકે વિનેશ ફોગટને તમામ સન્માન, પુરસ્કારો અને સુવિધાઓ આપશે. મુખ્યમંત્રી નયબ સિંહ સૈનીએ જાહેરાત કરી છે કે વિનેશ ફોગાટનું સ્વાગત અને મેડલ વિજેતાની જેમ સન્માન કરવામાં આવશે. ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિકમાં ફાઈનલ પહેલા અયોગ્ય જાહેર થયા બાદ કુસ્તીમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ જાહેરાત કરી છે કે વિનેશ ફોગાટનું મેડલ વિજેતાની જેમ સ્વાગત અને સન્માન કરવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે હરિયાણા સરકાર ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતાને જે સન્માન, પુરસ્કાર અને સુવિધાઓ આપે છે તે વિનેશ ફોગટને પણ કૃતજ્ઞતા સાથે આપવામાં આવશે. સીએમ સૈનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા કહ્યું કે તે ચેમ્પિયન છે. આ પહેલા વિનેશ ફોગાટે કુસ્તીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, "મા, કુસ્તી મારાથી જીતી છે, હું હારી ગયો છું. માફ કરજો, તારું સપનું, મારી હિંમત, બધું તૂટી ગયું છે, મારી પાસે આનાથી વધુ તાકાત નથી. કુસ્તીને ૨૦૦૧- અલવિદા. ૨૦૨૪. હું હંમેશા તમારો ઋણી રહીશ."તમને જણાવી દઈએ કે મહિલાઓની ૫૦ કિગ્રા ઈવેન્ટમાં ફાઈનલ પહેલા વિનેશ ફોગાટને વધારે વજનના કારણે ઓલિમ્પિકમાંથી અયોગ્ય જાહેર કરવામાં આવી હતી, ત્યારબાદ તેણે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સમાં અપીલ કરી હતી. અગાઉ તેણે ફાઈનલ મેચ રમવાનું કહ્યું હતું, પરંતુ બાદમાં લખેલા પત્રમાં તેણે આ ઈવેન્ટ માટે સિલ્વર મેડલ આપવાની માંગ કરી છે.હરિયાણા સરકારે પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર ખેલાડીને ૬ કરોડ રૂપિયા, સિલ્વર મેડલ જીતનારને ૪ કરોડ રૂપિયા અને બ્રોન્ઝ મેડલ જીતનારને ૨.૫ કરોડ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત રાજ્ય સરકાર ઓલિમ્પિકમાં ભાગ લેનાર ખેલાડીઓને ૧૫ લાખ રૂપિયાની રકમ પણ આપશે.

#### એન્ટ્રી કાર્ડ પણ રદ્દ કરાયું

## પેરિસ પોલીસે ભારતીય કુસ્તીબાજ અખિલ પંખાલને સમન્સ પાઠવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।



ભારતીય કુસ્તીબાજ એન્ટિમ ફાંગલને પેરિસ પોલીસે સમન્સ પાઠવ્યું છે. તેની પાછળનું કારણ એ છે કે તેની બહેન નિશા તેના ઓળખ કાર્ડનો ઉપયોગ કરીને રમતવીર ગામમાં પ્રવેશ કરતી પકડાઈ હતી. આ પછી તેનું કાર્ડ રદ કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે છેલ્લે પંખાલને મહિલાઓની ળી સ્ટાઈલ ૫૩ કિગ્રાના પ્રારંભિક રાઉન્ડમાં ૦-૧૦થી હારનો સામનો કરવો પડ્યો હતો. ફાઈનલ મેચ તુર્કીના યેનેપ યેતગિલ સામે હતી. હવે તેની બહેનને પેરિસ પોલીસે બોલાવી છે.તેણીની અંતિમ મેચ હાર્યા બાદ, પંખાલ એક હોટલમાં ગઈ, જ્યાં તેના અંગત કોચ અને સાથી ખેલાડીઓ રોકાયા હતા. પછી તેણે તેની બહેનને તેની માન્યતા મેળવવા અને સ્પોર્ટ્સ વિલેજમાંથી તેનો સામાન લાવવા કહ્યું. તેની બહેન સ્પોર્ટ્સ વિલેજમાં પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે પકડાઈ હતી. પેરિસ પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી અને ભારતીય ઓલિમ્પિક સંઘના હસ્તક્ષેપ બાદ જ તેને મુક્ત કરવામાં આવ્યો હતો."છએ હવે અખિલેશ, તેની બહેન, તેના કોચ (ભગત સિંહ) અને તેના સાથી ખેલાડી (વિકાસ)ને આવતીકાલે સવારે ૪ વાગ્યે આવતી ફ્લાઈટ દ્વારા પેરિસ જવા માટે કહ્યું છે.રિપેચેજ દ્વારા બ્રોન્ઝ મેડલની રેસમાં બાકી રહેવાની ૧૯ વર્ષીય ખેલાડીની આશાઓ પર પણ પાણી ફરી વળ્યું હતું. અગાઉ, વિશ્વ ચેમ્પિયનશિપની બ્રોન્ઝ મેડલ વિજેતા વિનેશ ફોગાટ, કેટેગરીમાં ઓલિમ્પિક ક્વોટા પ્રાપ્ત કરનાર પ્રથમ કુસ્તીબાજોમાંના એક, પ્રથમ રાઉન્ડમાં ૧૦૧ સેકન્ડમાં હારી ગયા હતા. તુર્કી કુસ્તીબાજ "તકનીકી શ્રેષ્ઠતા"ના આધારે વિજયી બની, જ્યાં તેણીને તેના ભારતીય પ્રતિસ્પર્ધી પર ૧૦-પોઈન્ટની સ્પષ્ટ લીડ હતી. ઝેનેપ સંપૂર્ણ નિયંત્રણમાં હતી કારણ કે તેણીએ બે પોઈન્ટ માટે છેલ્લું એક પિન કર્યું, પછી વધુ બે પોઈન્ટ લીધા અને પછી ચાર પોઈન્ટ માટે ડબલ ફ્લિપ કર્યું. જ્યારે રેફરીએ મેચ રોકી ત્યારે તે વધુ બે પોઈન્ટથી જીત્યો અને ફાઈનલિસ્ટની આંખોમાં આંસુ હતા. તે દેશની ત્રીજી રેસલર બની છે જે ખાલી હાથે પરત ફરશે.કુસ્તીમાં ભારતની સૌથી મોટી મેડલની આશા અંતિમ પંઘાલ મહિલા ૫૩ કિગ્રા વર્ગમાં તુર્કીની યેતગિલ ઝેનેપ સામે ૦-૧૦થી શરમજનક હાર બાદ સમાપ્ત થઈ ગઈ હતી.

# તંત્રી લેખ...

## પશ્ચિમી દેશો સાથે ચીનની પણ દખલ વધવાનો અંદેશો

બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાના પલાયન બાદ કૂટનીતિક મોરચે ભારતની ચિંતાઓ અને પડકારો વધતા દેખાઈ રહ્યા છે. મોદી સરકારે શેખ હસીનાને આશરો આપીને સારું કર્યું, પરંતુ તેના પરિણામ સ્વરૂપ બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ભડકી શકે છે. ત્યાં ભારત વિરોધી તત્ત્વો પહેલેથી જ સક્રિય હતા. શેખ હસીના એના પર લગામ લગાવી રહ્યાં હતાં, પરંતુ તેમના પલાયન બાદ હવે બાંગ્લાદેશ પરત ફરવાની સંભાવનાઓ શૂન્ય થવાની સાથે જ પશ્ચિમે જે પ્રકારે તેમનાથી મોં ફેરવી લીધું, તેનાથી સ્પષ્ટ છે કે ભારતે બાંગ્લાદેશમાં પોતાનાં હિત સુરિક્ષત કરવાનું વધુ કઠિન થઈ શકે છે. બ્રિટન શેખ હસીનાને આશરો આપવા તૈયાર નથી અને અમેરિકાએ તો હદ કરતાં તેમના વિઝા જ રદ્દ કરી દીધા અને ત્યાંની સેનાને એમ જાણવા છતાં પણ સલામ કહ્યા કે તે વચગાળાની સરકારમાં કટ્ટરપંથી તત્ત્વોની ભાગીદારી માટે પણ તૈયાર છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે બાંગ્લાદેશમાં સેનાના વર્ચસ્વવાળી વચગાળાની સરકારનું ભારત પ્રત્યે મિત્રવત વલણ હશે. આ સરકારમાં ઘોર ભારત વિરોધી કટ્ટરપંથી સંગઠન જમાતે ઈસ્લામીના સામેલ થવાની સાથે જ વિપક્ષી નેતા અને એ પૂર્વ વડાંપ્રધાન ખાલિદા ઝિયાની પણ ભાગીદારી હોઈ શકે છે, જેમની સાથે ભારતના સંબંધ ક્યારેય સહજ નથી રહ્યા. જો આ વચગાળાની સરકારમાં એ તત્ત્વોની ભાગીદારી વધી, જેઓ શેખ હસીનાને નવી દિલ્હીની કઠપૂતળી ગણાવતા હતા, તો ભારતના પડકારો ઓર વધી જશે. બાંગ્લાદેશમાં ભારતના દૃષ્ટિકોણથી અસહમત પશ્ચિમી દેશો સાથે ચીનની પણ દખલ વધવાનો અંદેશો છે. ચીન પહેલેથી જ માલદીવ અને નેપાળમાં પોતાનો પ્રભાવ વધારી ચૂક્યું છે અને પાકિસ્તાન તો તેના ખોળામાં જ બેઠેલું છે. તે શ્રીલંકામાં પણ પોતાનો દબદબો વધારવાની તાકમાં છે. એક અન્ય પડોશી દેશ મ્યાંમારની અસ્થિરતા સામે ઝઝૂમી રહ્યો છે અને ત્યાં પણ ચીનની દખલ સ્પષ્ટ દેખાઈ રહી છે. ભારતની સમસ્યા માત્ર એ નથી કે તે બાંગ્લાદેશમાં પોતાના હિતોની રક્ષા કરે, બલ્કે એ પણ છે કે ત્યાંના અલ્પસંખ્યકો અને વિશેષ રૂપે હિંદુઓને કેવી રીતે બચાવે? અનામત વિરોધના બહાને શેખ હસીનાને સત્તામાંથી હટાવવાના આંદોલન દરમ્યાન હિંદુઓ પર છૂટક હુમલા તો થઈ જ રહ્યા હતા, પરંતુ તખ્તાપલટ બાદ તો તેમનું આવી બન્યું છે. બાંગ્લાદેશનો કદાચ જ કોઈ એવો વિસ્તાર હોય, જ્યાંથી હિંદુઓના ઘરો, દુકાનો અને મંદિરોને નિશાનો બનાવવાના સમાચારો ન આવી રહ્યા હોય.

## હિંદુઓ પર અત્યાચાર ને હિંદુવાદી સરકાર કેમ ચૂપ?

શેખ હસીનાને હટાવવા માટે સળગાવાયેલી આગમાં બાંગ્લાદેશ લપેટાઈ ગયું છે. હિંસાની આગમાં સળગી રહેલા બાંગ્લાદેશમાં સ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી છે અને અરાજકતા અને અંધાધૂંધી વ્યાપી ગયાં છે. બાંગ્લાદેશમાં કોઈ પણ પ્રકારની હિંસા થાય ત્યારે હિંદુઓ સોફ્ટ ટાર્ગેટ હોય છે અને આ વખતે પણ એવું જ થઈ રહ્યું છે. અનામત વિરોધની હિંસા અને આગચંપી વચ્ચે કટ્ટરવાદી મુસ્લિમોએ લઘુમતી હિન્દુઓને નિશાન બનાવીને હુમલા કરવાનું શરૂ કરી દીધું છે. આ હિંસામાં ૧૦૦થી વધુ હિંદુઓની હત્યા કરી દેવાઈ હોવાનું કહેવાય છે. રંગપુર સીટી કોર્પોરેશનના કાઉન્સિલર હર્ષવર્ધન રોય તેમજ કાજલ રોય એમ બે હિંદુ કાઉન્સિલરોની પણ હત્યા કરાઈ છે. કટ્ટરવાદી મુસ્લિમોનાં ટોળાં શોધી શોધી હિંદુઓને નિશાન બનાવી રહ્યાં છે. હિંદુઓનાં ઘરોને આગ લગાડવામાં આવી રહી છે અને દુકાનો લૂંટાઈ રહી છે. બાંગ્લાદેશી મીડિયા ડેલી સ્ટારે જ માહિતી આપી છે કે, બાંગ્લાદેશના ૨૭ જિલ્લામાં હિન્દુઓના ઘર અને દુકાનોને નિશાન બનાવવામાં આવીને હુમલા કરાયા છે અને કિંમતી ચીજવસ્તુઓ લૂંટી લેવામાં આવી છે. મંદિરો પર પણ હુમલા થયા છે અને ચાર મંદિરો સળગાવી દેવાયાં હોવાના અહેવાલ છે. મહેરપુર ઈસ્કોન મંદિરમાં તોડફોડ કર્યા બાદ આગ લગાવી દેવાઈ હતી તેના તો વીડિયો વાઈરલ થયો છે. ઓક્યા પરિષદના મહાસચિવ મોનિન્દ્ર કુમાર નાથના દાવા પ્રમાણે તો, બાંગ્લાદેશમાં એવો કોઈ વિસ્તાર કે જિલ્લો બાકી નથી જ્યાં હિંદુઓ પર હુમલો ન થયો હોય. સતત અલગ-અલગ વિસ્તારોમાંથી હુમલાની માહિતી મળી રહી છે અને હિંદુઓને તેમના ઘરની બહાર ફેંકી દેવામાં આવી રહ્યા છે, માર મારવામાં આવે છે. સંખ્યાબંધ ઘટનાઓની વિગતો પણ મીડિયામાં અપાઈ છે. ગૂગલ પર સર્ચ મારશો તો વિગતો મળી આવશે તેથી બહુ ઊંડાણમાં નથી ઊતરતા પણ હુમલાઓને કારણે હિન્દુઓ ભયના ઓછાયામાં જીવી રહ્યા છે એ કહેવાની જરૂર નથી. હિંદુઓ પોતાનાં ઘર છોડીને ભાગી રહ્યા છે એવા પણ રિપોર્ટ છે. ભાજપના જ નેતા અને પશ્ર્ચિમ બંગાળમાં વિધાનસભામાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીએ તો દાવો કર્યો છે કે, બાંગ્લાદેશમાંથી એક કરોડ હિંદુ ભાગીને ભારતમાં આવવાના છે તેથી તેમને આશ્રય આપવા માટેની માનસિક તૈયારી રાખવી પડશે. બાંગ્લાદેશમાં હિંદુઓ પરના હુમલાએ સમગ્ર દુનિયાના હિંદુઓને હચમચાવી દીધા છે ત્યારે આપણા દેશની કહેવાતી હિંદુવાદી સરકાર શું કરી રહી છે એ પણ જાણી લઈએ. બાંગ્લાદેશના હિંદુઓ પર હુમલાના મુદ્દે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી બિલકુલ ચૂપ છે, ગૃહ મંત્રી અમિત શાહ પણ ચૂપ છે અને ભાજપના બહુમતી નેતા પણ ચૂપ છે. આ ચૂપકીદી વચ્ચે વિદેશ મંત્રી એસ. જયશંકરે લોકસભામાં બાંગ્લાદેશની સ્થિતિ વિશે નિવેદન આપ્યું. આ નિવેદનમાં ક્યાંય બાંગ્લાદેશના હિંદુઓની હત્યાઓ રોકવા કહેવાતી હિંદુવાદી સરકાર શું કરી રહી છે તેનો ઉલ્લેખ નથી. વિદેશ મંત્રી એસ જયશંકરના નિવેદન પ્રમાણે, વિરોધ કરી રહેલા આંદોલનકારીઓનો એક જ એજન્ડા હતો કે શેખ હસીના રાજીનામું આપે. શેખ હસીનાએ આર્મીના અધિકારીઓ સાથે ચર્ચા કર્યા પછી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો હતો અને તરત જ ભારત આવવાનો નિર્ણય કર્યો હતો. શેખ હસીનાએ વિનંતી કરી હતી કે પોતે થોડો સમય ભારતમાં રહેવા માંગે છે તેથી તેમને ભારતમાં આવવા દેવાયાં છે. હિંદુવાદી સરકારના વિદેશ મંત્રીએ બાંગ્લાદેશના હિંદુઓનો ઉલ્લેખ પણ કર્યો છે. જયશંકરના કહેવા પ્રમાણે ભારત સતત બાંગ્લાદેશના લશ્કરી અધિકારીઓ સાથે સંપર્કમાં છે અને બાંગ્લાદેશના હિંદુઓની સુરક્ષાની વ્યવસ્થા કરવા કહેવાયું છે. અત્યારે જે સ્થિતિ છે તેમાં બાંગ્લાદેશની એજન્સીઓ હિંદુઓની રક્ષા નથી કરી રહી એ સ્પષ્ટ છે. ભારત તેની સામે શું કરશે? જયશંકર સર પાસે તેનો કોઈ જવાબ નહોતો. આ એકદમ સરકારી રાહે અપાયેલો જવાબ છે ને તેમાં હિંદુઓની સુરક્ષા માટે ભારત સરકાર બાંગ્લાદેશ પર દબાણ લાવશે કે બીજું કંઈ કરશે તેનો કોઈ ઉલ્લેખ નથી.

### સર્પો જેમનું ભૂષણ છે, જે ત્રિલોચન ધરાવે છે, ભસ્મ જ જેનું અનુલેપન છે, દિશાઓ જ જેનું વસ્ત્રો છે, એટલે કે દિગંબર છે

# આવો, ૐ નમઃ શિવાયનાં પંચાક્ષર મંત્રનું સ્મરણ કરી, દરેકે દરેક વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થના કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગંગા જળ અને સુગંધી યુક્ત ચંદનથી જેની પૂજા અર્ચના થાય છે, અને મન્દાર પુષ્પો અને અન્યોન્ય બીજા કુસુમ જેને ચડે છે, નંદીના તે અધિપતિ મહેશ્વર ના 'મ 'કાર સ્વરૂપને હું નમું છું, મંદાર પુષ્પ એટલે મંદાર નામના પર્વત ઉપર એક વિશેષ વનસ્પતિનું પુષ્પ છે, તો તેમાં પણ મતમતાંતર છે, કોઈ કહે છે કે સ્વર્ગમાં ઉગતા પાંચ વૃક્ષમાં આ એક વૃક્ષ છે, જેના પુષ્પને મંદાર કહેવામાં આવે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ આવતા ઋતુ અનુસાર ભીતરી ધરા ભીની હોવાથી ભક્તિનું અંકુર ફૂટે છે, અને જીવ કંઈ કેટલીય ભૂલોનો એકરાર કરે છે. જેમ કે અડધી સદીની આ જીવનયાત્રાનો થાક ઉતારવા હું તારે ચરણે આવી છું. સમાજ, સંસાર, અને સંબંધોની આ ત્રીવેણીમાં અટવાયેલું મારુ જીવન આજે અંધકારમય ભાસી રહ્યું છે. સદગુરુ એ જ્ઞાનનો આત્મ દીપ પ્રગટાવ્યો, અને ભક્તિના ભાવનું બીજ રોપ્યું છે. આજ સુધી અહમનાં બળે સાચા-ખોટા કંઈક નિર્ણયો અમે કર્યા, અને હંમેશા જીતને ખુમારીનું નામ આપતાં રહ્યાં. સ્વચ્છંદતાને સ્વભાવ બનાવી સ્વતંત્ર પણે ભટકતા રહ્યા. નિરંતરની આ દોડ હવે થકવી રહી છે, ત્યારે અંતે હે આશુતોષ તમારું સ્મરણ થયું, જન્મો જન્મ આપના ચરણે આ મસ્તક હવે નમેલું રહેશે! ઈષ્ટ દેવ સ્વરૂપે નાનપણથી હાટકેશ્વરને પૂજ્યા છે, એટલે કે પછી કારણ ગમે તે હોય હે ત્રિનેત્રી, ત્રિશુલ ધારી કરુણાના સાગર, આપનું સ્મરણ થતાં જ કલ્યાણના ભાવ મનની અંદર ઉમટે છે, અને આપના શરીર પર લપેટાયેલા ભુજંગ જાણે કે શરીર પર યજ્ઞો પવિત ધારણ કર્યું હોય એવું લાગે છે. સંસારીઓ માટે યજ્ઞોપવિત એક સન્યાસ દંડ છે, તેની પ્રતીતિ કરાવી જાય છે. સ્મશાન વૈરાગ્ય ધારણ કર્યો છે, એવા દેવાધિદેવ મહાદેવ હું આપને શરણે આવી છું. સામાન્ય રીતે શિવની ઉપાસનામાં બોલાતા ૐ નમઃ શિવાય, એ શિવ પંચાક્ષર સ્તોત્રના શ્લોકનો આજે આપણે શબ્દાર્થ સમજીશું. આ શિવ પંચાક્ષર સ્તોત્ર પણ ભગવાન આદિદેવ શંકરાચાર્ય નિર્મિત છે. તેઓ સંસ્કૃતના બહુ મોટા ઉપાસક રહી ચૂક્યા છે, એ આપણે સૌ જાણીએ છીએ. માત્ર ૩૯ વર્ષ સુધીની તેની આયુ રહી, પરંતુ આપણે માટે એટલું બધુ જ્ઞાન સંપુટ જેવા સ્તુતિ સ્તવન રૂપે મૂકી ગયા છે, કે તેનો કોઈ પાર પમાય તેમ નથી.




**નાગેન્દ્રહારાય ત્રિલોચનાય ,**
**ભસ્માંગરાગાય મહેશ્વરાય,**
**નિત્યાય શુદ્ધાય દિગંબરાય,**
**તસ્મૈ ન કારાય નમઃ શિવાય.**
**મંદાકિની સલિલચંદનચર્ચિતાય,**
**નદીશ્વર પ્રમથનાથ મહેશ્વરાય,**
**મંદાર પુષ્પ બહું સુપુજિતાય,**
**તસ્મૈ 'મ' કારાય નમઃ શિવાય....**

સર્પો જેમનું ભૂષણ છે,જે ત્રિલોચન ધરાવે છે, ભસ્મ જ જેનું અનુલેપન છે, દિશાઓ જ જેનું વસ્ત્રો છે, એટલે કે દિગંબર છે. એવા શુદ્ધ અવિનાશી મહેશ્વર "ન" કાર સ્વરૂપ ને નમું છું. ગંગા જળ અને સુગંધી યુક્ત ચંદનથી જેની પૂજા અર્ચના થાય છે, અને મન્દાર પુષ્પો અને અન્યોન્ય બીજા કુસુમ જેને ચડે છે, નંદીના તે અધિપતિ મહેશ્વરના 'મ 'કાર સ્વરૂપને હું નમું છું. મંદાર પુષ્પ એટલે મંદાર નામના પર્વત ઉપર એક વિશેષ વનસ્પતિનુંપુષ્પછે,તોતેમાંપણમતમતાંતર છે, કોઈ કહે છે કે સ્વર્ગમાં ઉગતા પાંચ વૃક્ષમાં આ એક વૃક્ષ છે, જેના પુષ્પને મંદાર કહેવામાં આવે છે. પરંતુ આપણે પૃથ્વી લોકના માનવી માટે ધતુરો એ મન્દાર પુષ્પ સમાન પુષ્પ છે. ઓમ નમઃ શિવાય બિલકુલ સીધો સાદો પંચ અક્ષરનો આ મંત્ર એ શિવ શંકરને પ્રસન્ન કરનારો છે.તેના શરીરે કોઈ જ શણગાર નથી, ગળામાં સર્પોનો હાર છે, એ યજ્ઞોપવિત સંસ્કાર જેવો દિસે છે, ઉપરાંત સંસારી ના વિષેલા અહંકાર ને જ ભુજંગ રૂપે નાથી, અને આભૂષણ બનાવ્યા છે. ભસ્મ જેવા વૈરાગથી તેનો દેહ કાંતિ કરે છે, એટલે કે તેજસ્વી દેખાઈ રહ્યા છે. મંદાકિની જેવા જળ કે પવિત્ર બુદ્ધિના ઉપચારથી જેનો અભિષેક થાય, તેવું સંસારી પાત્ર એટલે શિવ. હમણાં જ આમ શિવ પર ચિંતન થયું પણ શિવ બનવું શું સહેલું છે? એવો કોઈ પ્રશ્ન થાય અને તેનું ફરી વિશ્લેષણ થાય તો, નિષ્કર્ષ રૂપે આપણને એવું સમજાય કે સમય સંજોગોને કારણે આવતી સમસ્યાઓનું વીષ આનાકાની કર્યા વગર પીવું, એટલે કે સ્વીકારી લેવું, ઉપરાંત ભોગ વિલાસની વૃત્તિ ઈત્યાદિમાં વૈરાગ્યને ગ્રહણ કરવો, બાકી આત્મા સ્વરૂપે તો શિવ તત્વ આપણી અંદર છે જ, તો એને સાંભળીને થોડું જીવવાનો પ્રયત્ન કરીએ, તો કદાચ શિવ બની શકાય ખરું! પણ છતાં એવું ન થાય તો કંઈ નહી, પણ શિવને સમજી તો અવશ્ય શકાય. શંકર એ પૃથ્વી અને સ્વર્ગ લોકને જોડતી કડી સમાન છે, અને એટલે જ કદાચ તેનું કૈલાસ પર સ્થાન નિશ્ચિત થયું છે. આપણે ત્યાં ઊંચાઈ પર સ્વર્ગ છે, એટલે લગભગ આકાશ સામે જોઈ ને આપણે તેની પરિકલ્પના કરીએ છીએ,તો એ ઉંચાઈ શું દર્શાવે છે? જીવ અને શિવમાં ઘણી સમાનતા છે. શંકર પણ આપણી જેમ સંસારી છે, અને બાળ બચ્ચા વાળા છે. જીવ જ્યારે શિવ બનવાની કોશિશ કરે, ત્યારે તે માત્ર ને માત્ર અંહકારને પ્રાપ્ત કરે છે. શિવ બનવું એટલે કે ઊંચાઈને પ્રાપ્ત કરવી પદ-પ્રતિષ્ઠા રૂપિયા પૈસાનું એશ્વર્ય પ્રાપ્ત થતા ભલભલા જીવના માનસમાં અહંકાર રૂપી, ભુજંગ પ્રવેશી જાય છે, અને પછી તેનું મહત્વ ન જળવાય તો એ ભુજંગ ફૂંફાડો મારે છે. પરંતુ જે અભણ રહીને એટલે કે આવી કોઈ જીવન વ્યવહારની હુંસાતુંસીની સ્પર્ધાઓમાં ભાગ લીધા વગર આવનારી પરિસ્થિતિનો સામનો કરે, અથવા એ સમસ્યાને સ્વીકારી તેનું નિરાકરણ કરે, તેનામાં ધીરે-ધીરે શિવના લક્ષણો આવતા જાય છે. કર્મ તેનું પાકે છે, તેનો દેહ કાંતિ કરે છે, એટલે કે બુદ્ધિ મેઘા, પ્રભા, આભા તરફ ગતિ કરે છે, અને ધીરે ધીરે સંસારી વૃત્તિમાં વૈરાગ્ય આવે છે. વિકાર ભાવ ધરાવતી વૃત્તિઓને આભૂષણ બનાવીને પહેરવું એ સહેલું નથી, છતાં એવું કરી દેખાડે એ શિવ એવો સીધો સાદો આપણે અર્થ કરી શકીએ. ભગવાન આદિદેવ શંકરાચાર્ય એ સંસ્કૃતના પ્રખંડ જ્ઞાતા હતા, અને તેમણે શિવની ઘણી બધી સ્તુતિઓ લખી છે. ભાષા તો બધી જ પોતપોતાની રીતે અલગ-અલગ મહત્વ ધરાવે છે, પરંતુ આપણી મૂળ ભાષા સંસ્કૃત છે, અને તેના શુદ્ધ ઉચ્ચારથી જીવ જ્યારે શિવ સાથે જોડાય, ત્યારે તેણે તે સાંભળવું જ પડે.તો આપણે સૌ આ શ્રાવણે આવી વિવિધ સ્તુતિ સ્તવનના પાઠનો શબ્દાર્થ સમજી અને તેને આરાધીએ, અને ભવોભવ એ કલ્યાણ તત્વનું અંતર મનમાં સ્મરણ કરી, અને શિવત્વને ગ્રહણ કરીએ. આ શ્રાવણીય અનુષ્ઠાન સૌનાં જીવનને ભક્તિભાવથી દિવસે દિવસે ભરે, આંતર બાહ્ય પ્રકૃતિમાં ભીનાશ રહે, સંસાર સંન્યાસ બંને પલ્લા સૌના સમાન રહે, ને સૌથી મહત્વનું કે આ માનવ દેહ ફક્ત ભોગ-વિલાસ માટે નથી, એવી બુદ્ધિમાં સ્થિરતા આવે, અને માનસિક પૂજામાં જેમ વર્ણવાયું છે, તેમ સૌની દિનચર્યા જ એવી બની જાય કે, જે શિવની આરાધના ગણી શકાય. બસ તો પછી સ્મરી લઈએ, શિવ પંચાક્ષર મંત્ર, ૐ નમઃ શિવાય,ૐ નમઃ શિવાય,ૐ નમઃ શિવાય,ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય,હરહર મહાદેવ!!બમબમ ભોલે! પરમાત્મા એ જ્યારે જન્મ આપ્યો ત્યારે તો જીવન સરળ અને મધુર જ હતું, આપણી આ આંટીઘૂંટીઓથી આપણે તેને મુશ્કેલ બનાવ્યું છે, તો હવે તેનો આ સીધો સાદો ઉપાય કરીને નિરાકરણ લાવીએ,અને તારું મારુ ભૂલી જઈને આ વૈશ્વિક અશાંતિની દિવસે દિવસે વધતી જતી જટિલ સમસ્યાનો સામનો કરવા સમર્થ બનીએ, એવી એક અનન્ય પ્રાર્થના મહાદેવને ચરણે રાખી હું મારા શબ્દો ને વિરમ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### શ્રાવણ માસના શિવ મહિમા-૫ : આપણે પાંચમા મણકામાં શિવ મહાપુરાણના શ્રવણ પઠનનો મહિમા જોઈએ

# ભગવાન શિવના દર્શનની કથા છે, જે મન અને શરીરના રોગોને દૂર કરી શાશ્વત શાંતિનો અનુભવ કરાવનાર છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જ્યાં શિવકથાનું આયોજન થાય છે ત્યાં બધા તિર્થોનો વાસ થાય છે, એક દિવાસળી સળગાવતાં જેમ અંધકારનો નાશ થાય છે, તેમ શિવકથા ઘોર પાપોનો નાશ કરે છે શિવ એટલે કલ્યાણ જેનું નામ લેવાથી સર્વનું કલ્યાણ થાય છે તેવા ભગવાન શિવના ચિત્રની કથા એટલે જ શ્રી શિવ મહાપુરાણ કથા.**

શ્રાવણ માસ સડસડાટ પસાર થઈ રહયો છે. મેઘરાજા ધીમી ગતિએ શ્રાવણી મહેર કરી રહયા છે જીવમાત્રમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. શ્રાવણ માસમાં શિવ મહીમા અંતર્ગત આપણે પાંચ વાતો જાણી તમારી હુંફ પ્રોત્સાહન થકી લેખન કરી પીરસવાની બહુ મજા આવે છે આવા સહકારની આશા સાથે આપણે પાંચમા મણકામાં શિવ મહાપુરાણના શ્રવણ પઠનનો મહિમા જોઈએ તો પ્રયાગ તીર્થમાં ઋષિ મુનિઓ શિવમહાપુરાણ સાંભળવા ભેગા થયેલા તેમાં વક્તા તરીકે વ્યાસજીના શિષ્ય સૂત વ્યાસપીઠ ઉપર બેઠા હતા. તે સમયે મુનીઓમાં શ્રેષ્ઠ અને બુધ્ધિમાના શૌનક મુનિ સુતજીને ઉદેશીને બોલ્યા હે મહાજ્ઞાની સૂત! તમે અમને પુરણોની કથા સંભળાવો જ્ઞાન વૈરાગ્યથી યુક્ત સદભક્તિથી વૈરાગ્ય શી રીતે વધે? જે કલ્યાણકારી અને પાવનકારી ઉપાય દ્વારા આત્મા તાત્કાલિક પવિત્ર બની શિવને પામી શકે તે બતાવો. સુતજી બોલ્યા શિવમહા પુરાણની કથા ભક્તિ વધારનાર, સંતોષ આપનાર સાયનરુપ છે શ્રી શિવ મહાપુરાણની કથાએ ભગવાન શિવ તરફની યાત્રાનો પ્રારંભ છે. ભગવાન શિવના દર્શનની કથા છે. જે મન અને શરીરના રોગોને દૂર કરી શાશ્વત શાંતિનો અનુભવ કરાવનાર છે.આ કથા ગાવી કહેવી, સમજવી કે સમજાવવી અઘરી છે. હત કઠિન, સમુજત કઠિન સાધન કઠિન આમ છતાં કોઈ સાચા સંત કે નિઃસ્પૃહી શિવભક્ત વક્તા દ્વારા સમજવા માં આવે તો જીવનના કેટલાય કોયડાઓનો ઉકેલ આવી જાય છે. શિવ કથા સાંભળતા પહેલા બુદ્ધિ અને અહંને પોતાનાથી અળગા રાખીને સાંભળવાથી જ તેમાં સમાયેલા તથ્યો સમજી શકાય છે. તૂટતી જતી સમાજ વ્યવસ્થાને



જોડવાનો રામબાણ ઈલાજ ભગવાન શિવના ચરિત્રની કથા એટલે શ્રી શિવ મહાપુરાણની કથા છે. સમગ્ર બ્રહ્માંડમાં ભગવાન શિવનું કુટુંબ જ એક આદર્શ કુટુંબ છે. જે કુટુંબમાં નાના મોટા સૌ કોઈ પુજાયા છે. તેઓ તો પુજાયા એટલું જ નહિ તેમના વાહનો પણ પુજાયા છે. બધાના સ્વભાવ જુદા જુદા હોવા છતાં ભેટા થઈ કેવી રીતે રહી શકાય તેનું માર્ગદર્શન શિવજીની આ કથા આપે છે. શ્રી શિવમહાપુરાણ સ્વયંભગવાન શિવજીએ રચ્યું છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ શ્રી વેદ વ્યાસજી એ આપ્યું છે. આ શિવ મહાપુરાણમાં સાત સંહિતાઓ,૨૯૭ અધ્યાય અને ૨૪૦૦૦ શ્લોક છે. શ્રી શિવ મહા પુરાણ જગતને દિશા બતાવે છે. જેનાથી માણસની દશા સુધરે છે. સમાજના મુખ્ય પ્રશ્નો જેવાકે, સદ વિચાર કેવી રીતે ઉદભવે ?ભક્તિ કેવી રીતે મળે ? શું કરવાથી વિવેક વધે ? જીવનમાં વિકાર આવે તો શું કરવું જોઈએ ? પરમાત્મા સાથે જીવની સુરતા કેવી રીતે બંધાય ? પરમાત્મા કોણ છે ? પરમાત્માને કેવી રીતે મેળવી શકાય ? આ બધા જ પ્રશ્નોના જવાબ શ્રી શિવ મહાપુરાણ આપે છે. જ્યાં શિવકથાનું આયોજન થાય છે ત્યાં બધા તિર્થોનો વાસ થાય છે. એક દિવાસળી સળગાવતાં જેમ અંધકારનો નાશ થાય છે, તેમ શિવકથા ઘોર પાપોનો નાશ કરે છે, શિવ એટલે કલ્યાણ જેનું નામ લેવાથી સર્વનું કલ્યાણ થાય છે તેવા ભગવાન શિવના ચિત્રની કથા એટલે જ શ્રી શિવમહાપુરાણ કથા આ કથા શિવજીએ પોતે જ કહેલ છે, જે કાળરૂપી સર્પના મોટા ત્રાસનો નાશ કરનાર છે. શિવમહાપુરાણ સનતકુમાર મુનિ એ વ્યાસજીને કહેલું પછી વ્યાસ જીએ તે શિવમહાપુરાણ કળિ યુગમાં જન્મેલ મનુષ્યોના હિત અર્થે ટૂંકમાં કહેલું છે, જે મનુષ્યના મનને પવિત્ર કરવા માટેનું ઉત્તમ સાધન છે શિવમહાપુરાણના પાઠથી કે શ્રવણથી મનુષ્ય શિવ પદને પામે છે તે ઈચ્છિત ફળ આપનારું અને પાપનો નાશ કરનારું છે. તે ધર્મ અર્થ કામ મોક્ષ ની પ્રાપ્તિ કરાવે છે. તે રાજસુય યજ્ઞને અગ્નિ ષ્ટોમ યજ્ઞનું ફળ પામે છે. કલ્યાણરૂપ મોક્ષ ધર્મ પામે છે, તેની દૂરગતી થતી નથી. અનેક પ્રકારના દાન અને પુણ્ય પ્રાપ્ત કરે છે. ત્રણે તપોને સમાવે છે, આમ, શિવમહાપુરણના શ્રવણ-પઠનથી મનુષ્ય અનેક પ્રકારના લાભ મેળવી શકે છે શિવમહા પુરાણ સર્વ પાપનો વિનાશ કરનાર અને ઉત્તમતિ આપનાર છે. વળી તે વેદાંત અને સર્વપુરાણનો સાર પણ દર્શાવે છે. આ જગતમાં શિવ મહા પુરાણનો ઉદય થાય નહીં ત્યાં સુધી આ કળિયુગમાં થતા રહેશે, જેઓ શિવપુરાણનો ઉદય થશે કે મંત્ર-તંત્રના ભેદ, દેવ દાનવની મુઝવણો અને મત ભેદો આ બધા વિવાદોનું મન થશે શિવમહાપુરાણના પઠન, મનન અને ચિંતનથી અતિ દુર્લભ ફળની પ્રાપ્તિ થાય છે જેઆ પુરાણનો એક પણ શ્લોક સંભળે કે ભક્તિ પૂર્વક પઠન કરે તે જીવન મુક્ત બને છે જે પાઠક તેનું પુજન કરે છે તેમણે અશ્વ મેઘ યજ્ઞનું ફળ મળે છે જે ભાવ. મુખે થી શિવ મહાપુરાણનું પઠન સાંભળે છે, તેના પાપો નાશ પામે છે જે ભાવક શિવમહાપુરાણને વંદન કરે, તેના પ્રત્યે તમામ દેવો ની કૃપા વરસે છે. ચૌદસના મંગળ દિવસે ઉપવાસ સાથે શિવ મહા પુરાણ પાઠ કરવાથી પુરણનું પુણ્ય મળે છે ઉપરાંત તે મુક્તિપદને પામે છે. જે આ મહાપુરાણની રુદ્ર સંહિતાનો ભાવપૂર્ણ રીતે પાઠ કરે, તેનું બ્રહ્મહત્યા જેવુ પાપ પણ નાશ વંત બની જાય છે. ભૈરવની સામે શાંતચિત્તે ગંભીર મૌન સાથે રુદ્ર સંહિતાનો દિવસમાં ત્રણવાર પાઠ કરવાથી મનોકામના પૂર્ણ થાય છે. કૈલાશ સંહિતા ૐ કારના સ્વરૂપને નિરૂપણ કરનારી હોઈ સાક્ષાત બ્રહ્મસ્વરૂપ પણતે છે, પ્રભુ શિવે! ઉપનિષદરૂપી. આ સમુદ્ર નું ભીષણ મેથન કરીને સંહિતા ઉત્પન્ન કરી હતી તેનું પણ કરીને માનવ અમરત્વ પામે છે.શિવ મહા પુરાણમાં કુલ એક લાખ શ્લોકો હતા. તેને ટૂંકાવીને વેદવ્યાસ જીએ તેને ચોવીસ હજાર લોકોમાં અને સાત સંહિતામાં નિરૂપી છે. વાચક ચાહક શિવ ભકત મિત્રો, સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવની આરાધના ઉપાસના કરી હૃદય મનમાં અનોખી શાંતિનું સામ્રાજ્ય સ્થાપીત કરો તેવી શુભેચ્છા.

### આહનાએ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ પૂરાં કર્યા

# સોશિયલ મીડિયા પર રીલ બનાવનારા એક્ટિંગ ના કરી શકેઃ આહના કુમરા



એક્ટર આહના કુમરાએ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ પૂરાં કર્યા છે. અમિતાભ બચ્ચન સાથે ટીવી શો યુદ્ધથી શરૂઆત કરનારી આહનાએ બાદમાં ‘લિપસ્ટિક અંડર માય બુરખા’, ‘ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર’, ‘ઈન્ડિયા લૉકડાઉન’ અને ‘સલામ વેન્કી’ જેવી ફિલ્મોથી આહના જાણીતી બની હતી. આહનાનું નામ અને ચહેરો પરિચિત હોવા છતાં તેને કામ મેળવવાનું અઘરું લાગે છે. આહના માને છે કે, સોશિયલ નેટવર્કિંગ અત્યારે મહત્ત્વનું બન્યું છે. સોશિયલ મીડિયા પર રીલ બનાવી નામ કમાઈ જનારા લોકોને ઝડપથી રોલ મળી રહ્યા છે. આ સ્થિતિ ચાલુ રહેશે તો ભારતમાં એક્ટર્સની તંગી વરતાવા માંડશે. આહનાએ જણાવ્યું હતું કે, તેણે કરિયર શરૂ કરી તેની સરખામણીએ અત્યારે કામ મેળવવાનું વધુ અઘરું છે. ઘણાં એક્ટર્સ મૂંઝાય છે કારણ કે, તેમને એક્ટિંગના બદલે સોશિયલ મીડિયા અને પીઆર એજન્સી પર વધારે ધ્યાન આપવાની સલાહ મળે છે. સોશિયલ મીડિયા પર ફોલોઅર્સને ધ્યાને રાખીને કાસ્ટિંગ કરવામાં આવે છે. જે ફિલ્મમેકર્સ સાથે કામ કરવાની ઈચ્છા હોય, તેઓ પણ કહેવાતા ઈન્ફ્લુએન્સરની પાછળ દોડતાં હોય છે. એક્ટર્સને આખરે મૂંઝવણ જ થાય ને! સોશિયલ મીડિયા પર ડાન્સ કરવો અને રીલ બનાવવાથી કામ મળી જતું હોય તો પછી એક્ટિંગની જરૂર નથી. કેટલાકને મિમિક્રી કરવાની કે ગીતો ગાવાની ઈચ્છા થઈ શકે છે. જો કે સોશિયલ મીડિયા પર છવાઈ જનારા લોકો માટે આનાથી વધારે કશું કરવાનું શક્ય નથી. ઈન્ડસ્ટ્રીમાં કોઈ ઈનસાઈડર હોય તો તેને ૨૦-૩૦ ફિલ્મો સુધી નસીબ અજમાવવાની તક મળે છે અને ત્યાં સુધીમાં તેને એક્ટિંગ આવડી જાય છે. જ્યારે આઉટસાઈડર્સ માટે સ્થિતિ પહેલેથી અઘરી હોય છે. વળી, તેમાં આ સોશિયલ મીડિયાએ દાટ વાળ્યો છે. આહના માને છે કે, ફિલ્મી પરિવારોમાં બાળકને પાંચ વર્ષનું હોય ત્યારથી આ માહોલ અને એક્ટિંગ શીખવવામાં આવે છે. અહીંયા સગાવાદ ભરપૂર છે. એક્ટર્સના બદલે ઈન્ફ્લુએન્સર્સને પ્રાધાન્ય આપવાની આ માનસિકતાના કારણે ભારતની ઈન્ડસ્ટ્રીમાં એક્ટર્સની અછત ઊભી થવાનું નિશ્ચિત છે.

### ‘‘મને ‘દેવરા’નું શૂટ કરવામાં મજા આવે છે’’: જાન્હવી

# જાન્હવી કપૂર કોઈ પણ ફિલ્મના રોલ માટે વાળ કપાવશે નહીં

## જાન્હવીએ પ્રતિજ્ઞા લીધી છે કે તે એક રોલ માટે થઈને ક્યારેય મુંડન કરવાશે નહીં, તેની માતા શ્રીદેવીની યાદમાં તેણે આ નિર્ણય લીધો છે



જાન્હવીકપૂરે પ્રતિજ્ઞા લીધી છે કે તે એક રોલ માટે થઈને ક્યારેય મુંડન કરવાશે નહીં. તેની માતા શ્રીદેવીની યાદમાં તેણે આ નિર્ણય લીધો છે. જ્હાન્વીએ આ અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું કે તેણે તેની માને તેના લાંબા વાળ માટે કેટલુ ગૌરવ હતું તેનાથી પ્રભાવિત થઈને આ નિર્ણય લીધો છે, તેની માતાના મૃત્યુ બાદ પણ તે આવા વાળ જાળવી રાખશે. આઈએમડીબી સાથેની એક વાતચીત દરમિયાન જ્હાન્વીને એક પ્રશ્ન પૂછાયો હતો કે એવું શું છે જે તે એક રોલ મેળવવા માટે ક્યારેય નહીં કરે. ત્યારે જવાબમાં જ્હાન્વીએ આ કારણ આપ્યું હતું. જ્યારે તેની મર્યાદાઓ વિશે પૂછાતા તેણે કહ્યું કે જીવનમાં એક માત્ર તક મળતી હોય અને તેનાથી સમગ્ર જીવન અને કેરિઅર બદલાઈ જાય તેમ હોય તો પણ તે ક્યારેય મુંડન કરાવશે નહીં. આ મુદ્દે તેણે બીજા વિકલ્પોની પણ વાત કરી હતી. તેણે બાલ્ડ કૅપ અને વીએફએક્સની મદદ લેવાનો ઉલ્લેખ કર્યો હતો. તેણે કહ્યું કે જ્યારે તેના ખભ્ભામાં ઈજા થઈ, લોહી નીકળ્યું, હાડકાં તૂટી ગયાં અને વિવિધ પ્રકારના રોલ માટે અલગ અલગ ટ્રોમાનો સામનો કર્યો તો પણ તેણે આ એક બાબત વિશે હંમેશાના જ પાડી છે. તાજેતરમાં પણ એક ફિલ્મમાં તેના પાત્રને ટૂંકા વાળ રાખવાના હતાં ત્યારે પણ તેને પ્રોડક્શન સાથે ઘણી અસહમતિ અને ચર્ચાઓ થઈ હતી. જાન્હવીએ એક કિસ્સો યાદ કરતાં કહ્યું હતું કે તેણે એક વાર વાળ ટૂંકા કરાવી નાખ્યા હતા ત્યારે તેની મા તેના પર બહુ જ ગુસ્સે થઈ હતી. તેણે કહ્યું કે, ‘ધડક’ના શૂટિંગ વખતે તેની મા બહુ દુઃખી હતી અને તેને કહ્યું હતું કે,‘‘તું આવું કઈ રીતે કરી શકે? કોઈ પણ રોલ માટે ક્યારેય તારા વાળ ન કપાવતી.’’ શ્રીદેવીને દર થોડાં દિવસે જ્હાન્વીના વાળમાં તેલ માલીશ કરવાની આદત હતી અને તેમાં તેને ગૌરવ અનુભવાતું હતું. તેથી જ્હાન્વીએ હવે ક્યારેય વાળ ન કપાવાનો નિર્ણય લીધો છે. જાન્હવી કપૂર અને જુનિયર એનટીઆર હાલ તેમની રોમેન્ટિક ફિલ્મ ‘દેવરા’ના એક ગીતનાં શૂટિંગમાં વ્યસ્ત છે. આ ગીતનું શૂટ આ અઠવાડિયાના અંત સુધીમાં પૂરું થશે. આ ફિલ્મ જાન્હવીની પહેલી તેલુગુ ફિલ્મ પણ છે અને તે આ ફિલ્મના શૂટિંગમાં ખૂબ મજા કરતી હોય તેમ લાગે છે. તે ઉપરાંત એનટીઆરની ટીમ પણ એવા પ્રયત્નો કરે છે કે એવા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે કે જ્હાન્વીને મજા આવે અને તે ખુશ થઈ જાય. ટેબલ પર પીરસાતાં વિવિધ પ્રકારના પકવાનની તસવીરો તેણે પોતાના

### ‘મિસીસ દેશપાંડે’ નામની ફિલ્મની સ્ટોરીમાં માસૂમ ચહેરો માધુરી દિક્ષિત

# માધુરી દિક્ષિત થ્રિલરમાં સિરિયલ કિલર બની પોલીસને મદદ કરશે

## ફ્રેન્ચ સિરિઝની રીમેક ‘મિસીસ દેશપાંડે’માં માધુરી દિક્ષિત





માસૂમ ચહેરો ધરાવતી માધુરી દિક્ષિતે મોટાભાગે ગ્લેમરસ રોલ જ કર્યા છે. બોલિવૂડની ધક-ધક ગર્લ તરીકે ઓળખાતી માધુરીએ પોતાની ઈમેજ કરતાં અલગ થ્રિલર ફિલ્મમાં કામ કરવાનો નિર્ણય લીધો છે. ‘મિસીસ દેશપાંડે’ નામનો આ શો સાયકોલોજિકલ થ્રિલર જોનરનો છે અને તેમાં માધુરી દિક્ષિત સિરિયલ કિલરનો રોલ કરવાની છે. રિપોર્ટ્સ મુજબ, નાગેશ કુકનુરના ડાયરેક્શનમાં એક ફિલ્મ પ્લાન થઈ રહી છે. ‘મિસીસ દેશપાંડે’ નામની આ ફિલ્મની સ્ટોરી સિરિયલ કિલર આસપાસ ફરે છે. સિરિયલ કિલરની મોડસ ઓપરેન્ડી સમજવા અને તેને પકડવા માટે પોલીસ એક સિરિયલ કિલરની મદદ લે છે. ફ્રેન્ચ સિરીઝની ઓફિશિયલ રીમેક તરીકે આ શો બની રહ્યો છે. ચોમાસા બાદ તેનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. માધુરી દિક્ષિત લીડ રોલમાં ફાઈનલ છે તથા અન્ય એક્ટર્સનું કાસ્ટિંગ ચાલી રહ્યું છે. માધુરી પહેલી વખત ડાર્ક રોલાં જોવા મળશે. માધુરી દિક્ષિતની આગામી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’ છે. કાર્તિક આર્યન-તૃપ્તિ ડીમરી અને વિદ્યા બાલન સાથેની આ ફિલ્મમાં માધુરીનું નવું સ્વરૂપ જોવા મળશે. માધુરી અને વિદ્યાએ આ ફિલ્મમાં આઈકોનિગ સોન્ગ ‘અમી જે તોમાર’ પર સાથે ડાન્સ કર્યો હોવાનું કહેવાય છે. કાર્તિક ફરી એક વાર રુહ બાબ બનવાનો છે. દિવાળી પર આ ફિલ્મ રિલીઝ થવાની છે.

## જુનિયર એનટીઆર સાથેની ફિલ્મનું બીજું રોમેન્ટિક સોન્ગ ચાર ભાષામાં રિલીઝ થયું

# બે ફ્લોપ ફિલ્મ પછી ‘દેવરા’ પર આશા





જાન્હવી કપૂર માટે ૨૦૨૪નું વર્ષ ખાસ ઉત્સાહજનક રહ્યું નથી. આ વર્ષે જાન્હવીની બે ફિલ્મ રિલીઝ થઈ હતી અને તે બંનેને ઓડિયન્સે રિજેક્ટ કરી હતી. ‘ઝરા હટકે’ વિષય ધરાવતી આ બંને ફિલ્મોના ધબડકા પછી જાન્હવી કપૂર પરંપરાગત મસાલા ફિલ્મ સાથે આવી રહી છે. જુનિયર એનટીઆર અને સૈફ અલી ખાન સાથેની ‘દેવરા’ને સાઉથમાં જાન્હવીની પ્રથમ ફિલ્મ ગણવામાં આવે છે. આ ફિલ્મનું બીજું રોમેન્ટિક સોન્ગ સોમવારે રિલીઝ થયું છે. તેને મળી રહેલા રિસ્પોન્સને જોતાં આ વર્ષમાં એક પણ હિટ નહીં રહેવાનો જાન્હવીનો અફસોસ દૂર થઈ શકે છે. ‘દેવરા’નું પહેલું સોગ ફીયર ઓડિયન્સને પસંદ આવ્યું હતું. સોમવારે નવું ગીત ચાર ભામાં રિલીઝ થયું છે. હિન્દી વર્ઝનના શબ્દો ‘ધીરે ધીરે’ છે. આ સોન્ગમાં જાન્હવી અને જુનિયર એનટીઆરનો રોમેન્ટિક અંદાજ જોવા મળે છે. તેને હિન્દી ઉપરાંત તેલુગુ, મલયાલમ અને કન્નડમાં રિલીઝ કરાયું છે. હિન્દી વર્ઝનમાં સિંગર શિલ્પા રાવ અને અનિરુદ્ધનો અવાજ છે. આ વર્ષે જાન્હવીની પહેલી ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ ૩૧ મેના રોજ રિલીઝ થઈ હતી. રાજકુમાર રાવ સાથેની ફિલ્મ ખાસ ચાલી ન હતી. બીજી ફિલ્મ ‘ઉલઝ’ તાજેતરમાં રિલીઝ થઈ છે અને ચાર દિવસમાં જ તેના શો ખાલી જઈ રહ્યા છે. આ સ્થિતિમાં જાન્હવીની સઘળી આશાઓ ‘દેવરા’ પર છે. આ ફિલ્મથી જાન્હવી સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. તેમાં જાન્હવી અને જુનિયર એનટીઆરની સાથે શ્રુતિ મરાઠે, પ્રકાશ રાજ, શ્રીકાંત, સૈફ અલી ખાન અને શાઈન ટોમ ચાકો પણ છે. આ ફિલ્મ ૨૭ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે.

# ધ ગ્રાન્ડ થિએટરમાં ૧૫ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી મંચન

## શ્રી કૃષ્ણના જીવન પર આધારિત વિશ્વની પ્રથમ સંગીતમય યાત્રા ‘‘રાજાધિરાજઃ લવ લાઈફ લીલા’’ દર્શકોને મંત્રમુગ્ધ કરશે

ભગવાન શ્રી કૃષ્ણના રાજાધિરાજ સ્વરૂપ પર આધારિત વિશ્વની પ્રથમ સંગીતમય મહાનાટિકા, ‘‘રાજાધિરાજઃ લવ લાઈફ લીલા’’ની સંકલ્પના અને પ્રસ્તુતિ ધનરાજ નથવાણી દ્વારા કરવામાં આવી છે. ભગવાન શ્રી કૃષ્ણની મહાનતા અને પરોપકારિતાને જીવંત કરતી ૧૨૦ મિનિટની અવધિની આ સંગીત નાટિકાનું મંચન નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC)ના ગ્રાન્ડ થિએટર ખાતે ૧૫મી ઓગસ્ટથી ૧લી સપ્ટેમ્બર સુધી દરરોજ કરવામાં આવશે. આ અભૂતપૂર્વ સંગીત નાટિકામાં દર્શાવાયેલી કૃષ્ણની ભવ્યતા અને સંમોહનની અનુભૂતિ માટે પ્રેક્ષકોને આમંત્રિત કરતા ધનરાજ નથવાણીએ જણાવ્યું હતું કે, ‘‘રાજાધિરાજઃ લવ લાઈફ લીલા’નું સર્જન એ મારા માટે ગાઢ લાગણી અને શ્રદ્ધા પૂર્ણ રહ્યું છે. શ્રી કૃષ્ણનું જીવન પ્રેરણાનું અનંત સ્રોત છે અને આ સંગીત નાટિકા દ્વારા અમારો ઉદેશ તેમણે મૂર્તિમંત કરેલી સુંદરતા, દૂરંદેશીપણા અને પ્રેમની વહેંચણી કરવાનો છે.




શ્રી કૃષ્ણની ભગવાન શ્રીનાથજી અને દ્વારકાધીશ તરીકેની આ અનંત કથાઓ અને લીલાઓને પ્રસ્તુત કરતા હું રોમાંચ અનુભવી રહ્યો છું. આ પ્રસ્તુતિ અગાઉ કદી ન જોઈ હોય તેવી ભવ્યતાથી થઈ રહી છે, જેનાથી પ્રેક્ષકોને પણ શ્રી કૃષ્ણની દિવ્ય અને પ્રેરણાદાયી વીરગાથાનો અવિસ્મરણીયનો અહેસાસ થશે.’’ આ નાટિકાના મંત્રમુગ્ધ કરી દેનારા કથાવાચન, અદભુત દૃશ્યો અને આત્માના તાર ઝણઝણાવી દેતા સંગીત થકી, એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર – ભૂમિ નથવાણી સંમોહક અનુભૂતિની ગેરન્ટી આપે છે. તેમણે ઉમેર્યુ હતું કે, ‘‘આ અદભુત પ્રોડક્શનને જીવંત કરવામાં અથાગ યોગદાન આપવા બદલ અમે તમામ કલાકારો અને ક્રુ મેમ્બર્સ પ્રત્યે ઊંડો આભાર પ્રગટ કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે શ્રી કૃષ્ણની દિવ્ય ગાથાને ૧૮૦થી વધારે કલાકારો મંચ પર નૃત્ય અને ગીત-સંગીતની જીવંત પ્રસ્તુતિ દર્શકોને મંત્રમુગ્ધ કરી દેશે.’’ ખ્યાતનામ ભારતીય ગીતકાર અને પટકથા-લેખક, પદ્મશ્રી વિજેતા પ્રસૂન જોશી દ્વારા લિખિત આ સંગીત નાટિકા પ્રેક્ષકોને ભગવાન શ્રી કૃષ્ણની ઓછી-જાણીતી વાર્તાઓની પ્રસ્તતિ છે. તેમાં વ્રજથી મેવાડ અને મથુરાથી દ્વારકા સુધીના તેમના જીવનમાં આવેલા પરિવર્તનોનું અતિસુંદર નિરૂપણ કરાયું છે.

### દરેક વખતે તમે એક્શન ફિલ્મ જ કેમ કરો છો?

# જ્હોને શરૂ કરેલા વિવાદને ઠારવા તમન્નાના પ્રયાસ



જ્હોન અબ્રાહમની આગામી ફિલ્મ ‘વેદા’માં શર્વરી વાઘનો લીડ રોલ છે. ફિલ્મમાં તમન્ના ભાટિયા પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મની પ્રમોશન ઈવેન્ટ દરમિયાન જ્હોન અબ્રાહમને પૂછવામાં આવ્યું હતું કે, તેઓ દર વખતે એક્શન જોનરની ફિલ્મ જ કરે છે. એક્શન સિવાયની કોઈ ફિલ્મ તેમણે લાવવી જોઈએ? આ પ્રશ્નથી જ્હોન અબ્રાહમે પિત્તો ગુમાવ્યો હતો અન સવાલ પૂછનારાને મૂર્ખ ગણાવ્યો હતો. જેન્ટલમેનની ઈમેજ ધરાવતા જ્હોનનું આ વર્તન ચર્ચામાં છવાયેલું છે અને આ વિવાદ વધુ વકરે તો ફિલ્મ પર અસર થવાની શક્યતા પણ છે. તેથી વિવાદને રોકવા માટે તમન્ના ભાટિયા મેદાને આવી છે. તમન્નાએ જ્હોનની આકરી પ્રતિક્રિયા અંગે થઈ રહેલી ચર્ચાને ‘વેદા’ના બચાવમાં લઈ જવા પ્રયાસ કર્યો છે. આ ફિલ્મમાં એક્શન કરતાં ઘણું વધારે જોવા મળશે તેવી ખાતરી આપીને તમન્ના વચલો રસ્તો શોધવા મથામણ કરી રહી છે. તમન્ના ભાટિયાએ એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, ‘વેદા’ને તેના કવર પરથી જજ કરશો નહીં. દેશના ફેવરિટ એક્શન હીરો જ્હોન અબ્રાહમ આ જોનરમાં અભૂતપૂર્વ ફિલ્મ લાવી રહ્યા છે. આ ફિલ્મમાં સ્ટોરીને એક્શન મારફતે કહેવામાં આવી છે. એક્શન જોનરમાં પણ અર્થસભર ફિલ્મ બની શકે છે.

### પ્લાસ્ટિક સર્જરી કરાવ્યા વગર રિમીનું રૂપ ખીલી ઊઠ્યું

# હજુ ૪૨ વર્ષની છું, ૫૦ પાર કર્યા પછી ફેસ લિફ્ટનું વિચારીશ- રિમી સેન



એક્ટ્રેસ શુભોમિત્રા એટલે કે રિમી સેન ઘણાં વર્ષોથી સ્ક્રિન પર આવી નથી. રિમીની પહેલી હિન્દી ફિલ્મ હંગામા હતી. તે પછી ‘ધૂમ’, ‘દિવાને હુએ પાગલ’, ‘ફિર હેરાફેરી’ જેવી ફિલ્મોમાં રિમી ચમકી હતી. શાહિદ કપૂર, અજય દેવગન અને અભિષેક બચ્ચન જેવા સ્ટાર્સ સાથે કામ કરી ચૂકેલી રિમી ઘણાં સમયથી ગાયબ છે. રિમીએ નવી ફિલ્મ સાઈન કરી નથી, પરંતુ તે ચર્ચામાં છે. રિમીના ચહેરા પર આવેલી ચમક અને ઘટતી ઉંમર જોઈને તેણે પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાનું કહેવાય છે. રિમીનો એક ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. રેડિટ પર ફરી રહેલા આ ફોટોગ્રાફને જોઈ રિમીએ ચહેરાની પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાનું કહેવાય છે. રેડિટ પર ફરી રહેલા આ ફોટોગ્રાફને જોઈ રિમીએ ચહેરાની પ્લાસ્ટિક સર્જરી કરાવી હોવાનું કહેવાય છે રિમીએ આ અટકળોનો સામનો કરતા જણાવ્યુ હતું કે, લોકોને સારા અર્થમાં લાગતું હોય તે મેં પ્લાસ્ટિક સર્જરી કરાવી છે, તો મારે ખુશ થવું જોઈએ. પ્લાસ્ટિક સર્જરી કરાવ્યા વગર જ લોકો બોલી રહ્યા છે. મેં તો માત્ર ફિલર્સ, બોટોક્સ, પીઆરપી ટ્રીટમેન્ટ કરાવી છે. ૪૨ વર્ષની રિમીએ કહ્યું હતું કે, હજુ સુધી પ્લાસ્ટિ સર્જરીની જરૂર પડી નથી. ૫૦ વર્ષની ઉંમર પાર કર્યા પછી જરૂર પડશે તો ફેસલિફ્ટ કરાવીશ.

# એફલેક સાથે ડાઈવોર્સ માટે લોપેઝની લાલચ જવાબદાર હોવાની અટકળો



જેનિફર લોપેઝ અને બેન એફલેક હોલિવૂડના સૌથી વધુ ચર્ચાસ્પદ કપલમાંથી એક છે. આ જાણીતું કપલ છૂટાછેડાના માર્ગે આગળ વધી રહ્યું હોવાનું કહેવાય છે. તેઓ વેકેશનમાં અલગ-અલગ ફરી રહ્યાં છે અને મક્કમ રીતે છૂટા પડવાનો વિચાર હોવાથી બેવરલી હિલ્સ ખાતેનું મેન્શન પણ વેચવા કાઢ્યું છે. આ મેન્શન બંનેએ ભેગા થઈને ખરીદ્યું હતું અને છૂટા થતાં પહેલાં તેને વેચી દેવાની તૈયારી કરી છે. તેમના આ છૂટાછેડાના કારણો અંગે વિવિધ અટકળો ચાલી રહી છે ત્યારે જેનિફરનો લાલચુ સ્વભાવ તેના માટે જવાબદાર હોવાના રિપોર્ટ્સ બહાર આવ્યા છે. બેન અથવા લોપેઝમાંથી કોઈએ છૂટા થવા અંગે ફોડ પાડ્યો નથી ત્યારે ખરા કારણ અંગે ખોંખારીને ખુલાસો કરવાનું અઘરું છે. જો કે તેમને નિકટથી જાણતા સૂત્રોના મતે, લોપેઝે આલ્કોહોલની નવી બ્રાન્ડ લોન્ચ કરી છે. બેન એફલેકને આલ્કોહોલની લત હતી, જેના કારણે ઘણી વાર તે તોફાન કરતો હતો અને ભાન ગુમાવી બેસતો હતો. દારૂની લતના કારણે ઘણા સંબંધો બગડ્યા હતા અને પરિવાર પર પણ માઠી અસર પડી હતી. લાંબા સમયની મથામણ બાદ આલ્કોહોલની લતમાંથી બેનને રાહત મળવા માંડી છે. બેન સામાન્ય જીવનની આશા માંડીને બેઠો હતો ત્યારે લોપેઝે માત્ર નાણાં કમાવા આલ્કોહોલ બ્રાન્ડ શરૂ કરી છે. આ પગલું બેન માટે તમાચા સમાન છે. બેનના માનસ પર આલ્કોહોલની ખરાબ અસર પડી શકે છે, તે જાણવા છતાં લોપેઝે આલ્કોહોલ બ્રાન્ડ શરૂ કરી દીધી હતી.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

આજરોજ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગર લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સમિતિ કડાણા અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર નું આયોજન ધુણીયા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું. પી એલ વી શ્રી એચ એ જોશી એ બાળકોને પોક્સો, મહિલા સશક્તિકરણ યોજનાઓ જરૂરિયાત સમયે કામ લાગે તેવા ટોલ ફ્રી નંબરો, વિધવા સહાય યોજના અને પ્રિલીટીગેશન તેમજ રાષ્ટ્રીય લોક અદાલત અંગે વિગતવાર સમજૂતી આપી હતી. શાળાના આચાર્યશ્રી દેવાભાઈ પટેલ તથા સ્ટાફ પરિવાર હાજર રહી કાર્યક્રમને નિહાળ્યો હતો પ્રોગ્રામ બાદ આભાર વિધિ શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલે કરી હતી.

## ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઇ




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે જેમાં નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે.

ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં તાલીમ વર્ગના સંચાલક શ્રી દિલીપકુમાર એચ મકવાણાએ વિશ્વ આદિવાસી દિવસનું મૂળ હેતુ સમજાવતા પ્રકૃતિના રક્ષણ માટે આદિવાસીઓનું મહત્વ સમજાવતા જળ, જંગલ અને જમીનનું રક્ષણ કરવામાં તેમજ ભારત દેશની આઝાદી માટે કરેલા કાર્યો માટે તેમજ વિદ્યાર્થીઓને પોતાની સંસ્કૃતિ સાથે જોડાઈ રહેવા પ્રેરણા આપી હતી. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે વિશ્વ આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ન્યુ પાર્થ એજ્યુકેશન ગૃપના સભ્યો અશ્વિનભાઈ સંગાડા, રાજુભાઈ મકવાણા તથા અન્ય મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર મકવાણાએ વિશ્વ આદિવાસી દિવસની તમામને શુભેચ્છા પાઠવી હતી.

## 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાની શાળાઓમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ







। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ જિલ્લાની શાળાઓમાં એક સપ્તાહ સુધી યોજાનારા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાન દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં અમદાવાદ ગ્રામ્યની કુલ ૬૦૦ શાળાઓમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજિત ૮૨૩૧ વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રાથમિક શાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

વિશ્વમાં ૯મી ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે.શાળાના બાળકો આદિવાસીઓના હક, અધિકાર, સંસ્કૃતિ, રિવાજો, રૂઢિઓ અને ઈતિહાસ વિશે જાણે એ માટે નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રાથમિક શાળામાં ચિત્રસ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.શાળાના બાળકો દ્વારા આદિવાસી દિવસ વિશે સુંદર માહિતી રજુ કરવામાં આવી. શાળાના સમગ્ર શિક્ષકો દ્વારા આદિવાસી દિવસ અંગે રસપ્રદ માહિતી આપવામાં આવી. શાળાના મુ.શિ. કામોળ જગદીશકુમાર કે દ્વારા વિશ્વમાં આદિવાસી દિવસની ઉજવણીના ઈતિહાસ વિશે જાણકારી આપી હતી.

## હવે મારાં બાળકો પાકી છતની નીચે નિશ્ચિંત થઈને સૂઈ શકે છે : વિનયભાઈ વસાવા



। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના ધોળકા તાલુકામાં આવેલું અંધારી જિલ્લાનું એકમાત્ર એવું ગામ છે, જ્યાં અનુસૂચિત જનજાતિના લોકો બહુમતી ધરાવે છે. આ ગામના વતની વિનયકુમાર રાજુભાઈ વસાવાનું પાકા મકાનનું સપનું પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પરિપૂર્ણ થયું છે. પાકા આવાસનો લાભ મળતાં તેની ખુશી વ્યક્ત કરતા વિનયભાઈએ જણાવ્યું હતું કે, પહેલા કાચા મકાનમાં ચોમાસાના સમયે ઘરમાં પાણી પડવું અને ભેજ લાગવા જેવી મુશ્કેલીઓ પડતી હતી. માતા-પિતા અને બે ભાઈઓ સાથે સપરિવાર રહેતા વિનયભાઈ જણાવે છે કે, મોટો પરિવાર હોવાથી કાચા મકાનમાં રહેવામાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. પાણી ભરાઈ જવાથી મચ્છરનો ઉપદ્રવ થતો હતો. જેના કારણે બાળકો તથા મહિલાઓ પણ ખૂબ હેરાન થતાં હતાં. કઈ રીતે પાકું મકાન બનાવી શકીશ, તેની ચિંતા સતાવતી હતી. ત્યારે તાલુકા પંચાયતથી પ્રધાનમંત્રી આવાસ યોજનાની જાણકારી મળતાં અમે તરત તાલુકા પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ફોર્મ ભરીને આ યોજનાનો લાભ લીધો હતો.

વિનયભાઈ જણાવે છે કે, રાજ્ય સરકારશ્રીની આ સહાય અમારા માટે આશીર્વાદ સમાન બની છે. આ યોજના હેઠળ મકાન બનાવવા માટે અમને ત્રણ હપ્તામાં રૂપિયા ૧.૨૦ લાખની સહાય મળી છે. સરકારની સહાય સાથે અમારી બચતનો ઉપયોગ કરી અમે આ મકાન બનાવેલ છે. હવે મારા બાળકો પાકી છતની નીચે નિશ્ચિંત થઈને સૂવે છે. પાકું મકાન બનાવવાનું સ્વપ્ન આ યોજના અંતર્ગત આટલી સરળ રીતે પૂરું થશે તેમ વિચાર્યું નહોતું. અમે સૌ પરિવાર ખૂબ જ ખુશ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકું મકાન બનાવવાનું સ્વપ્ન સાકાર થયું છે.

વિનયભાઈ આ યોજનાનો લાભ મળ્યા પછી પોતાના ગામના લોકોને પણ આ યોજના પ્રત્યે જાગૃત કરે છે અને તેમની મદદ કરે છે.

રોટી, કપડા ઓર મકાનએ લોકોની પ્રાથમિક જરૂરિયાત છે. દરેક માણસનું સપનું હોય છે કે, તે પરિવાર સાથે પાકા મકાનમાં રહીને પોતાનું જીવન ગુજરાન ચલાવે છેવાડાના માનવીના આ સ્વપ્નને સાકાર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આવાસની વિવિધ યોજનાઓ અમને બનાવવામાં આવી છે. આવી યોજનાઓનો લાભ લઈ અનેક પરિવારોએ ઘરનું ઘર હોય તેવા સ્વપ્નને સરકારની સહાયથી પરિપૂર્ણ કર્યું છે.

રાજ્યના નાગરિકોના જીવનધોરણ ઉપરાંત સગવડો અને સુરક્ષાનું સ્તર વધુ ઊંચું આવે છે, ત્યારે વિકાસની ફોરમ સમાજમાં ચારે તરફ ફેલાય છે. સામાજિક ન્યાયની વિભાવનામાં સમાજના તમામ વર્ગોનો એકસરખો વિકાસ થાય તે વાતને બખૂબી રીતે ગુજરાત સરકારે પિછાણીને અનુસૂચિત જનજાતિના વિકાસનું સર્વસ્પર્શી સર્વગ્રાહી આયોજન કરીને વિવિધ કલ્યાણકારી યોજનાઓનું હકારાત્મક અમલ શરૂ કરાયો છે. આને કારણે વિનયભાઈ વસાવા જેવા નાગરિકો પાક્કા ઘરનું સપનું સાકાર કરી રહ્યા છે.

## ખોખરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શાળાકીય સ્પર્ધાઓ અંતર્ગત જિલ્લા કક્ષાની કુસ્તી અને ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન

### કુસ્તીમાં અંડર ૧૪,૧૭ અને ૧૯ વયજૂથના ૨૦૦થી વધુ ખેલાડીઓ અને ટેબલ ટેનિસમાં ૧૦૦થી વધુ ખેલાડીઓ લેશે ભાગ

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના ખોખરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શાળાકીય સ્પર્ધાઓ (SGFI - સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા)નું આયોજન કરવામાં આવ્યું છે.

બે દિવસીય સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં અંડર ૧૪,૧૭ અને ૧૯ વયજૂથમાં અમદાવાદ જિલ્લાની શાળાઓના ૨૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેનાર છે.

આ ઉપરાંત, જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં ૧૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખોખરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ



ખાતે ૯ ઓગસ્ટ સુધી શાળાકીય સ્પર્ધાઓ અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાની રમતોના વિજેતાઓ ત્યારબાદ રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેશે.

### અમદાવાદ જિલ્લાની શાળાઓમાં ઉજવાશે 'હર ઘર તિરંગા' અભિયાન

## ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ગીત સ્પર્ધા, પરમવીર વંદના, તિરંગા યાત્રા, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધા સહિતના આયોજનો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ઉલ્લાસમાં નાગરિકોને સહભાગી બનાવવાના ઉદ્દેશ સાથે દેશભરમાં 'હર ઘર તિરંગા' અભિયાન યોજાઈ રહ્યું છે. શાળાના વિદ્યાર્થીઓમાં સ્વતંત્રતા, સાર્વભૌમત્વ સ્વાભિમાન અને દેશદાઝના મૂલ્યો દ્રઢ બને અને આવનારી પેઢીમાં વિવિધતામાં એકતાની ભાવના વિકસે તે હેતુથી જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ ગ્રામ્યની કચેરી દ્વારા જિલ્લાની શાળાઓમાં અનેરા અંદાજમાં એક સપ્તાહ સુધી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ જિલ્લાની શાળાઓમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત એક સપ્તાહ સુધી ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ગીત સ્પર્ધા, પરમવીર વંદના, તિરંગા યાત્રા, નિબંધ, એકાંકી, શેરીનાટક સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા સહિતના આયોજનો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓને પોતાના ઘરો પર તિરંગો લહેરાવીને તેની સેલ્ફી લઈને https://harghartiranga.com/ વેબ સાઈટ પર અપલોડ કરવા માટે પણ અનુરોધ કરવામાં આવનાર છે.

સાથે જ, 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ગામ, નગર અથવા તાલુકા કક્ષાએ શાળાઓ દ્વારા તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તિરંગા યાત્રામાં એન.એસ.એસ., સ્કાઉટ-ગાઈડ, એન.સી.સી., બેન્ડ ઈત્યાદી ટુકડીઓ સહિત વિદ્યાર્થીઓ સહભાગી થશે. સ્વાતંત્ર્ય સંગ્રામની થીમ પર આધારિત વેશભૂષા, વિવિધ પાત્રો સહિત ટ્રેડીશનલ પહેરવેશ સાથે વિવિધ પ્લે-કાર્ડ્સ, સૂત્રોચ્ચાર અને દેશભક્તિ ગીત-સંગીત સાથે તિરંગાયાત્રા યોજવામાં આવશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "જલ હી જીવન હૈ ઔર સંરક્ષણ હી ભવિષ્ય હૈ" સૂત્રને સાકાર કરતાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ અંગેની બેઠક યોજાઈ

### વન,પર્યાવરણ પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં સુરત એપીએમસી ખાતે સુરત અને નવસારી જિલ્લાના અધિકારી-પદાધિકારીઓ સાથે બેઠક




। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

વન અને પર્યાવરણ, પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના "જલ હી જીવન હે ઔર સંરક્ષણ હી ભવિષ્ય હૈ" સૂત્રને સાકાર કરતાં રેઈન વૉટર હાર્વેસ્ટિંગ અંગે સુરત અને નવસારી જિલ્લાના અધિકારી-પદાધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ સુરત અને નવસારી જિલ્લાના ૯૯૦ ગામોમાં રેઈન હાર્વેસ્ટિંગ બોરની કામગીરી કરી જળસંગ્રહ અને સંરક્ષણના નિર્ધારને પૂર્ણ કરવામાં આવશે એમ સહારા દરવાજા સ્થિત સુરત એપીએમસી- કૃષિબજાર ખાતે આયોજિત બેઠકમાં પાણી પુરવઠા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું. મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટિલની આગેવાની હેઠળ સુરત અને નવસારી જિલ્લામાં રેઈન વોટર હાર્વેસ્ટિંગની કામગીરી તેજ ગતિમાં કરવામાં આવી રહી છે. ભૂગર્ભ જળસ્તર દિવસે-દિવસે નીચે ઉતરી રહ્યું છે, અને અમૂલ્ય વરસાદી પાણી દરિયામાં વહી જાય છે, ત્યારે જળસંરક્ષણ માટે નવસારી જિલ્લાના ૩૬૦ ગામો અને સુરત જિલ્લાના તેમજ સુરત મનપા વિસ્તારના ૬૩૦ ગામ મળી કુલ ૯૯૦ ગામોમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. અન્ય રાજ્યોમાં હાલની પરિસ્થિતિ મુજબ પાણીની તંગી સર્જાઈ રહી છે, ત્યારે ગુજરાતના મહેસાણા, કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી અને પાટણ સહિત અન્ય જિલ્લાઓમાં પણ ભૂગર્ભ જળસ્તર નીચે ચાલ્યા ગયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો. તમારા વરિષ્ઠોને હળવાશથી લેતા નહીં. કાર્યક્ષેત્ર માં કોઈ મુશ્કેલી હોવા ને કારણે તમે આજે પરેશાન થઈ શકો છો અને તેના વિશે વિચારવામાં તમારો કિંમતી સમય બગાડી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે વહેલી સવારમાં કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જ્યારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે માનસિક ચિંતાઓને સંપૂર્ણ રીતે સમાપ્ત કરી દો અને આરામ કરો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવામાં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

**કર્ક (ડ,હ) :**

છેલ્લા ઘણા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે વધુ પડતું બીનઆરોગ્યપ્રદ ભોજન લેવાનું ટાળજો અને બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો.

**તુલા (ર,ત) :**

આજથી શરૂ કરવામાં આવેલ ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો. કાર્યક્ષેત્ર માં કોઈ કામ અટવાઈ જવા ને કારણે તમારો સાંજ નો કિંમતી સમય બગડી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

ખૂલ્લામાં રાખેલું અને વધુ પડતું તેલવાળું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારૂં ખરાબ વર્તન તમારી પત્ની અથવા પ્રેમિકાનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે પરિવાર સાથે થોડી મોજ-મજા માનવ માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

## પાકિસ્તાન હાઈ કમિશને રાહુલ ગાંધી સહિત ૭ વિપક્ષી સાંસદોને કેરીના કાર્ટન મોકલ્યા!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

એક તરફ બાંગ્લાદેશ સળગી રહ્યું છે અને બીજી તરફ પાકિસ્તાન મેંગો ડિપ્લોમસી દ્વારા ભારતના વિપક્ષી સાંસદો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભાજપે દાવો કર્યો છે કે દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનરે વિપક્ષી નેતા રાહુલ ગાંધી સહિત ૭ ભારતીય સાંસદોને કેરીના કાર્ટન મોકલ્યા છે. મેંગો ડિપ્લોમસીનો એકબીજા પ્રત્યેના સંબંધોમાં સૌહાર્દના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી સાંસદોને પાકિસ્તાની દૂતાવાસમાંથી કેરીઓ મળ્યા બાદ ભાજપે વિપક્ષ પર પ્રહારો કર્યા છે. બીજેપી નેતા અમિત માલવિયાએ ટ્વિટર પર પોસ્ટ કર્યુ કે, 'પાકિસ્તાન હાઈ કમિશન આ પસંદ કરેલા ૭ ભારતીય સાંસદોને કેરીના કાર્ટન કેમ મોકલશે? રાહુલ ગાંધી, કપિલ સિબ્બલ, શશિ થરૂર, મોહીબુલ્લા નદવી, ઝિયા ઉર રહેમાન બર્ક, અફઝલ અંસારી અને ઈકરા હસન. કેટલાક લોકોને કેરી કોણ મોકલે છે તેના પરથી પણ ઓળખી શકાય છે.એક્સ પર પોસ્ટ કરતી વખતે કેન્દ્રીય મંત્રી ગિરિરાજે લખ્યું, 'રાહુલ ગાંધીને ઉત્તર પ્રદેશની કેરીઓ પસંદ નથી, પરંતુ જ્યારે રાહુલ અને તેની ટુકડે ટુકડે ગેંગને પાકિસ્તાનથી કેરી મળે છે, ત્યારે તેમને તેનો સ્વાદ ગમે છે.

## બર્થડે ગર્લ મીરાબાઈ ચાનું મેડલ ચૂકી ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં બુધવાર (૭ ઓગસ્ટ) ભારત માટે નિરાશાજનક દિવસ રહ્યો. દિવસના અંતે, મીરાબાઈ ચાનુ વેઈટલિફ્ટિંગમાં મેડલ જીતશે તેવી અપેક્ષા હતી, પરંતુ તેણે પણ નિરાશ કર્યા છે. તે ક્લીન એન્ડ જર્કના તેના છેલ્લા પ્રયાસમાં ૧૧૪ કિલો વજન ઉઠાવી શકી ન હતી અને મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. મીરાબાઈ આજે (૮ ઓગસ્ટ) ૩૦ વર્ષની થઈ ગઈ છે. આવી સ્થિતિમાં મીરાબાઈ પાસે તેમના જન્મદિવસે ઈતિહાસ રચવાની તક હતી, પરંતુ તે ચૂકી ગઈ. ૪૯ કિગ્રા વજન વર્ગમાં ભાગ લેનાર મીરાબાઈએ સ્નેચ રાઉન્ડમાં ઉત્તમ પ્રયાસ કર્યો હતો અને આ રાઉન્ડ પછી ત્રીજા સ્થાને રહી હતી. તેણે આ રાઉન્ડમાં શ્રેષ્ઠ ૮૮ કિલો વજન ઉપાડ્યું હતું. આ પછી ક્લીન એન્ડ જર્કમાં તેની પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. પરંતુ અહીં તેણે નિરાશ કર્યું.ક્લીન એન્ડ જર્કના તેના પ્રથમ પ્રયાસમાં મીરાબાઈએ ૧૧૧ કિલો વજન ઉપાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે નિષ્ફળ ગઈ. આ પછી, તેણે તરત જ બીજા પ્રયાસમાં આ ૧૧૧ કિલો વજન ઉપાડ્યું અને મેડલનો દાવો કર્યો. આ પછી, તેણે ક્લીન એન્ડ જર્કના ત્રીજા અને છેલ્લા પ્રયાસમાં ૧૧૪ કિલો વજન ઉપાડવાનું પસંદ કર્યું.




રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ન્યુઝીલેન્ડમાં ગવર્નમેન્ટ હાઉસ (વેલિંગ્ટન) ખાતે પરંપરાગત માઓરી ''પોવિરી'' સમારોહ સાથે તેમના ઔપચારિક સ્વાગત દરમિયાન રોયલ ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

# 'કાશ અમારી પાસે થોડા વધુ કલાકો હોત'

### ડો. દિનશા પારડીવાલાએ કહ્યું, 'ગોલ્ડ મેડલ સ્પર્ધા પહેલા વિનેશ ફોગટનું વજન ૨ કિલોગ્રામ વધી ગયું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

રેસલર વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી અયોગ્ય ઠેરવવા પર ભારતીય ઓલિમ્પિક ટીમના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. દિનશા પારડીવાલાનું નિવેદન આવ્યું છે. તેણે વિનેશનું વજન ઘટાડવા માટે કેટલા પ્રયત્નો કર્યા અને તે પછી પણ તેનું વજન ૧૦૦ ગ્રામ પણ ઓછું ન થયું.

ડૉ. દિનશા પારડીવાલાએ કહ્યું, 'ગોલ્ડ મેડલ સ્પર્ધા પહેલા વિનેશ ફોગટનું વજન ૨ કિલોગ્રામ વધી ગયું હતું. તેનું વજન ઘટાડવા માટે 'કઠોર પગલાં' લેવામાં આવ્યા હતા. જો કે, સખત મહેનત કર્યા પછી પણ વિનેશ વધારાનું ૧૦૦ ગ્રામ વજન ઘટાડી શકી નથી. વિનેશ ફોગટના ન્યુટ્રિશનિસ્ટને પૂરી આશા હતી કે તેનું વધારાનું વજન એક સરળ પ્રક્રિયા દ્વારા ઘટાડી શકાય છે, પરંતુ ત્રણ સખત પ્રયાસો પછી પણ આ પ્રક્રિયા અસરકારક સાબિત થઈ ન હતી.



ચીફ મેડિકલ ઓફિસરે કહ્યું, 'ક્યારેક સ્પર્ધા પછી વજનમાં ઉછાળો આવે છે. વિનેશની ૩ મેચ હતી. તેથી, ડિહાઈડ્રેશનને રોકવા માટે, તેમને થોડી માત્રામાં પાણી આપવું પડ્યું. અમને ખબર પડી કે સ્પર્ધા બાદ તેનું વજન સામાન્ય કરતા વધારે વધી ગયું હતું. કોચે વજન ઘટાડવાની સામાન્ય પ્રક્રિયા શરૂ કરી, જે તેણે હંમેશા વિનેશ સાથે કરી. તેમનું માનવું હતું કે આનાથી વિનેશને વજન ઘટાડવામાં મદદ મળશે.ડૉ. પારડીવાલાએ કહ્યું, 'જો વિનેશ ફોગટને તેનું વજન માપવા પહેલાં વધુ સમય આપવામાં આવ્યો હોત તો તે વજન ઘટાડવામાં સફળ થઈ શકી હોત. સેમિ-ફાઈનલ મેચ પછી, વિનેશનું વજન નિર્ધારિત મર્યાદા કરતાં ૨.૭ કિલો વધુ હતું, જેને ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર હતી. તમામ પ્રયત્નો પછી ૧૨ કલાકની સમય મર્યાદાને કારણે અમે છેલ્લા ૧૦૦ ગ્રામ વજનને ઘટાડવામાં અસમર્થ હતા. અંતે વજન માપવા પર જાણવા મળ્યું કે તે જરૂરી મર્યાદા કરતા થોડું વધારે હતું. જો તેણીને થોડા વધારાના કલાકો મળ્યા હોત, તો વિનેશે કદાચ વજન ઘટાડ્યું હોત, પરંતુ અવરોધોને કારણે તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી હતી.તેણે આગળ કહ્યું, 'સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિનું વજન ઘટે છે, તો તે સામાન્ય રીતે ડિહાઈડ્રેશનને કારણે થાય છે. પરંતુ જ્યારે તમે પાણી પીઓ છો, ત્યારે તે તમારું વજન વધારે છે અને મેચ દરમિયાન તેણે થોડું પાણી પીવું જરૂરી છે કારણ કે તબીબી રીતે ભાગ લેવામાં સમસ્યા થશે. વજન ૭:૧૫ થી ૭:૩૦ સુધી માપવામાં આવે છે. અમે તેને છેલ્લા સંભવિત સમયે ૭:૨૯ વાગ્યે પૂર્ણ કર્યું. વિનેશનું વજન જરૂરી મર્યાદા કરતા ૧૦૦ ગ્રામ વધુ હતું. કદાચ જો અમારી પાસે થોડા વધુ કલાકો હોત, તો અમે તે ૧૦૦ ગ્રામ ઘટાડી શક્યા હોત, પરંતુ અમારી પાસે પૂરતો સમય નથી.

**શેખ હસીના અને તેની ટીમ**

## બાંગ્લાદેશથી ભાગતી વખતે વધારાના કપડાં લઈ શકી ન હતી : સૂત્રો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના અને તેમની ટીમ સોમવારે ભારત આવી હતી, તેમની અવામી લીગ સરકાર સામેના હિંસક બળવાથી બચીને સરકારી સૂત્રોએ ઈન્ડિયા ટુડે ટીવીને જણાવ્યું હતું કે શેખ હસીનાની ટીમ તેમની સાથે વધારાના કપડાં લઈ શકતી નથી અથવા રોજિંદા ઉપયોગની વસ્તુઓ પણ લાવી



શકતી નથી. .સૂત્રોના જણાવ્યા અનુસાર બાંગ્લાદેશની સેનાએ શેખ હસીનાને દેશ છોડવા માટે માત્ર ૪૫ મિનિટનો સમય આપ્યો હતો. તેણી તેની બહેન શેખ રેહાના અને તેના નજીકના સાથીઓ સાથે લશ્કરી પરિવહન જેટમાં ભારત જવા રવાના થઈ અને દિલ્હી નજીક હિંડન એરબેઝ પર ઉતરી.સરકારી સૂત્રોએ ઈન્ડિયા ટુડે ટીવીને જણાવ્યું કે શેખ હસીનાની સાથે ભારત આવેલી ટીમ સંપૂર્ણપણે હેરાન થઈ ગઈ હતી કારણ કે પીએમ હાઉસમાં ઘૂસેલા ટોળાથી બચવા માટે તેમને ઉતાવળમાં બાંગ્લાદેશ છોડવું પડ્યું હતું.સૂત્રોએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશી ટીમ સાથે તૈનાત પ્રોટોકોલ ઓફિસના સભ્યોએ તેમને કપડા અને રોજિંદા ઉપયોગની વસ્તુઓ ખરીદવામાં મદદ કરી હતી. ભારત આવ્યાના ૪૮ કલાક બાદ પણ શેખ હસીના અને તેમની ટીમ એરબેઝ પાસેના સેફ હાઉસમાં રહી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે શેખ હસીનાને ત્યાં સુધી રહેવાની મંજૂરી આપી છે જ્યાં સુધી તેને કોઈ અન્ય દેશમાં આશ્રય ન મળે. સૂત્રોએ જણાવ્યું કે ભારતીય સુરક્ષા કર્મચારીઓ અને પ્રોટોકોલ અધિકારીઓ ટીમના સભ્યોને તણાવ અને આઘાતમાંથી બહાર આવવામાં મદદ કરી રહ્યા છે.રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ શેખ હસીના અને તેમના સાથીદારોને મળવા પ્રથમ વ્યક્તિ હતા. બંને પક્ષોએ વર્તમાન અને ભવિષ્યની યોજનાઓ પર ચર્ચા કરી.બાંગ્લાદેશમાં બળવા પહેલા પણ શેખ હસીનાની અવામી લીગ પાર્ટીના ઘણા ટોચના નેતાઓ અને ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીઓએ દેશ છોડી દીધો હતો. અવામી લીગના મહાસચિવ અને માર્ગ પરિવહન મંત્રી અબ્દુલ કાદેર રવિવારે રાત્રે જ દેશ છોડીને ભાગી ગયા હતા.

**ખાલિદા ઝિયાએ મુક્તિ પછી કહ્યું**

## દેશને પુનઃસ્થાપિત કરવા માટે 'નફરત' કે 'વેર' નહીં, 'પ્રેમ' અને 'શાંતિ'ની જરૂર છે

। (એજન્સી) ઢાંકા, તા.૮ ।

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વડા ખાલિદા ઝિયાને મુક્ત કરવામાં આવી છે. પોતાના પ્રથમ સંબોધનમાં તેમણે દેશની જનતાનો આભાર માન્યો, જેમણે દેશમાંથી કુશાસન અને ભ્રષ્ટાચારને ખતમ કરી દીધો છે. તેમણે કહ્યું કે દેશને પુનઃસ્થાપિત કરવા માટે આપણને વિનાશ કે ગુસ્સાની જરૂર નથી પરંતુ પ્રેમ અને શાંતિની જરૂર છે. બાંગ્લાદેશમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે શેખ હસીનાની સૌથી મોટી વિરોધી ખાલિદા ઝિયાને મુક્ત કરવામાં આવી છે. તેમની મુક્તિ પછીના તેમના પ્રથમ નિવેદનમાં, તેમણે એવા લોકોનો આભાર માન્યો જેમણે ''અશક્યને શક્ય બનાવવા માટે સંઘર્ષ કર્યો''. તેમણે કહ્યું કે દેશને પુનઃસ્થાપિત કરવા માટે ''પ્રેમ અને શાંતિ'' સ્થાપિત કરવાની જરૂર છે, ''દ્વેષ'' અથવા ''બદલો'' દ્વારા નહીં.ખાલિદા ઝિયા બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના પ્રમુખ છે અને ૨૦૧૮માં ભ્રષ્ટાચારના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા. તે ૭૯ વર્ષની છે અને તેણે લોકોને શાંતિ સ્થાપવાની અપીલ કરી છે. તેમણે તેમની મુક્તિ માટે પ્રાર્થના કરનારા લોકોનો આભાર માન્યો.ખાલિદા ઝિયાએ કહ્યું, ''મને મુક્ત કરવામાં આવી છે. આ જીત આપણને લૂંટ, ભ્રષ્ટાચાર અને કુશાસનના કાટમાળમાંથી બહાર આવવાની નવી શક્યતાઓ આપે છે. આ દેશને સમૃદ્ધ બનાવવા માટે આપણને સુધારાની જરૂર છે.''

**૧૭ કર્મચારીઓ હોસ્પિટલમાં દાખલ**

## પુણેના ફૂડ પ્રોસેસિંગ યુનિટમાં એમોનિયા ગેસ લીક થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

મહારાષ્ટ્રના પુણેમાં બુધવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં, યવત વિસ્તારમાં ફૂડ પ્રોસેસિંગ યુનિટના ૧૭ કર્મચારીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેનું કારણ પ્લાન્ટમાં એમોનિયા ગેસનું લીકેજ હોવાનું કહેવાય છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, યાવત નજીક ભાંડગાંવ સ્થિત એકમમાં ખાવા માટે તૈયાર ખોરાક બનાવવામાં આવે છે અને તેના માટે ૧૮ ડિગ્રી સેલ્સિયસથી ઓછું તાપમાન જરૂરી છે, જે એમોનિયાનો ઉપયોગ કરીને જાળવી રાખવામાં આવે છે.યવત પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક નારાયણ દેશમુખે જણાવ્યું હતું કે બુધવારે અહીં એમોનિયા લીકેજ થયું હતું. ઘટના સમયે ૨૫ લોકો કામ કરી રહ્યા હતા. જેમાં મોટાભાગની મહિલાઓ હતી. દેશમુખે જણાવ્યું હતું કે ગેસ લીકથી ૧૭ કર્મચારીઓને અસર થઈ હતી, જેમાંથી એક મહિલાને અન્ય કરતા વધુ અસર થઈ હતી કારણ કે તે લીક ૫ોઈન્ટની સૌથી નજીક હતી.અધિકારીએ જણાવ્યું કે લીક થયા બાદ મુખ્ય રેગ્યુલેટર બંધ કરી દેવામાં આવ્યું હતું. કર્મચારીઓને શ્વાસ લેવામાં તકલીફ અને બેચેનીની ફરિયાદ બાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ૧૬ કર્મચારીઓની હાલત સ્થિર છે. ગેસના સીધા સંપર્કમાં આવેલી મહિલાની આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. તે નિરીક્ષણ હેઠળ છે, પરંતુ તેની સ્થિતિ સ્થિર છે અને તે ખતરાની બહાર છે.

**વિશેષ**

**વડાપ્રધાનના માર્ગદર્શનમાં રાજ્યમાં ઉદ્યોગો માટેની વિવિધ સેવાઓની ગુણવત્તા સુધરી છે**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઇન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ (IACC)ના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર MSME'નું લોન્ચિંગ કર્યુ






। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઈન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ (IACC)ના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર MSME'ના લોન્ચિંગ પ્રસંગે સ્જીસ્ઈને અર્થતંત્રની કરોડરજ્જુ ગણાવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ત્રીજી ટર્મમાં દેશને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે નાના અને મધ્યમ ઉદ્યોગોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. એમ જણાવતા તેમણે કહ્યું કે ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસ માટે સરકાર જવાબદારીપૂર્વક પ્રયત્નશીલ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, પ્રોત્સાહક પોલિસી તેમજ સરકાર તરફથી ઝડપી ક્લિયરન્સના ઉત્તમ પરિણામે આજે ગુજરાતમાં ૧૯.૮૦ લાખ રજિસ્ટર્ડ MSME કાર્યરત છે. તેના માધ્યમથી ૧.૦૭ કરોડ લોકોને રોજગારી મળી રહી છે. દેશમાં ૫% ભૂ-ભાગ ધરાવતા ગુજરાતનું GDPમાં ૮.૬૩% યોગદાન હોવું એ આપણા સહુ માટે ગૌરવની બાબત છે, એમ તેમણે ઉમેર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પાયામાં પણ ગુજરાતના ઉદ્યોગોને ગ્લોબલ પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિચાર છે. એમ જણાવી તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આજે રાજ્યમાં ઉદ્યોગો માટે વીજળી, રોડ-રસ્તા સહિતની આનુષંગિક સેવાઓની ગુણવત્તા સુધરી છે. તેના પરિણામે ગુજરાત ઉદ્યોગની સ્થાપના માટે પ્રથમ પસંદગીનું સ્થાન બન્યું છે. મુખ્યમંત્રીશ્રીએ IACCનું 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર MSME' ભારત અને અમેરિકાના ઔદ્યોગિક સંબંધોને વધુ મજબૂત બનાવશે તેવો વિશ્વાસ આ અવસરે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સ્વાગત સંબોધન કરતા IACCના પ્રથમ ગુજરાતી પ્રેસિડેન્ટ શ્રી પંકજ બહોરાએ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિને ગુજરાત-અમેરિકાના ઔદ્યોગિક સંબંધોની મજબૂતીની સાબિત ગણાવી હતી. આવનારા સમયમાં સેન્ટર ફોર એક્સિલન્સના માધ્યમથી ગુજરાત-અમેરિકા વચ્ચેના આ સંબંધો વધુ ગાઢ બનશે તેવી સંભાવના તેમણે વ્યક્ત કરી હતી. આ 'સેન્ટર ઓફ એક્સેલન્સના ઉદ્‌ઘાટન અવસર સાથે MSME સંલગ્ન વિવિધ વિષયો પર ચર્ચા-મંથન માટે એક દિવસીય કોન્ફરન્સનું પણ અયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન સત્રમાં અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન, રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અગ્રસચિવ સુશ્રી મમતા વર્મા તેમજ IACCના હોદ્દેદારો સહિત MSME ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

### ધોળકા શહેર અને તાલુકા કક્ષાએ 'હર ઘર તિરંગા' અભિયાન અને 'તિરંગા યાત્રા' યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

સમગ્ર અમદાવાદ જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને તમામ તાલુકા કક્ષાએ 'તિરંગા યાત્રા' યોજાવાની છે ત્યારે ધોળકા શહેર અને તાલુકા કક્ષાએ પણ હર ઘર તિરંગાની ધામધૂમ ઉજવણી કરાશે. 'હર ઘર તિરંગા' અને 'તિરંગા યાત્રા'ના સુચારુ આયોજન સંદર્ભે ધોળકા પ્રાંત અધિકારી શ્રી હિતેશ જોષીના અધ્યક્ષસ્થાને મામલતદાર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાંત અધિકારીશ્રીએ વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે કાર્યક્રમના આયોજન સંદર્ભે ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત જે તે વિભાગોને કામગીરી સોંપી હતી. વધુમાં પ્રાંત અધિકારીશ્રીએ ધોળકા તાલુકાના તમામ ગ્રામ્ય કક્ષાએ પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંદર્ભે 'હર ઘર તિરંગા' અભિયાન અને 'તિરંગા યાત્રા' યોજાય તે બાબતે પણ તાલુકા વહીવટી તંત્ર સાથે ચર્ચા કરી હતી. આ ઉપરાંત ધોળકા શહેરમાં ૧૩મી ઓગસ્ટે 'તિરંગા યાત્રા' યોજાશે. જેમાં શાળાના બાળકો, સામાજિક સંસ્થાઓ, તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો જોડાશે. આ બેઠકમાં નગરપાલિકા પ્રમુખશ્રી, ચીફ ઓફિસરશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને સંગઠનના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડાની સિવિલ હોસ્પિટલમાં સ્કીન સ્પેશિયાલિસ્ટ ડોકટરની મનમાનીથી કર્મચારીઓ-દર્દીઓ પરેશાન

। (એજન્સી) ખેડા,તા.૮ ।

ખેડા સિવિલમાં સ્કિન સ્પેશ્યાલિસ્ટ તરીકે ફરજ બજાવતા મહિલા ડૉ. છેલ્લા ઘણા સમયથી તેઓ પોતાની ઓપીડીમા હાજર રહેતા નથી. અને તેઓ પોતાને મનફાવે તેમ વર્તે છે. તેવી ફરિયાદો ઉઠી હતી. હમણાં હમણાં સ્કિન તબિબની ફરિયાદો ખુબ વધી ગઈ છે. હાલમાં જ દર્દીના સગા પોતાના બાળકને ચામડીને લગતી બીમારી હોવાથી તેઓ બાળકને સ્કિન સ્પેશ્યાલિસ્ટ પાસે લઈ ગયા હતા. પરંતુ સ્કિન ડૉ. પોતાની સમય દરમ્યાન તેમની ચેમ્બરમાં હાજર ન હતા. તે વખતે બીજા ઘણા દર્દીઓ તેમની રાહ જોઈને લાઈનમાં ઉભા રહ્યા હતા. ના છૂટકે દર્દીઓ ડૉ.ન હોવાથી પરત ફર્યા હતા. ખેડા હોસ્પિટલનો ઓપીડી સમય સવારે ૯ થી ૧ સુધી હોય છે.અને સાંજે ૪ થી ૬ સુધી હોય છે. પરંતુ આ મહિલા સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડૉ.પોતે તેમના સમયે મનફાવે ત્યારે આવે છે અને જતા પણ રહે છે અને એ પણ તેમના અધિકારને જાણ કર્યા વગર ઓપીડી સમય દરમ્યાન સ્કિન ડૉ.પોતાની ચેમ્બરમા નહી હોવાથી એક જાગૃત નાગરિક દ્વારા આ બાબતે ખેડા સિવિલના સુપ્રીટેન્ડન્ટ ડૉ.મનોજભાઈ પટેલને રજુઆત કરવા ગયા હતા. અને રજુઆત કરી કે સ્કીનના ડૉ.તેમની ઓપીડીના સમય દરમ્યાન તેમની ચેમ્બરમા હાજર નથી તો શું તેઓ રજા પર છે. તેમ દર્દીના સગાએ પૂછ્યું હતું. પરંતુ સિવિલ સુપ્રીટેન્ડન્ટે આ બાબતે જણાવ્યુ કે અમને રજા બાબતે જાણ કરી નથી અને તેઓ હાજર નથી તો તેઓને હું ટેલિફોનિક વાત કરીને જાણી લઉં છુ.

**મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાર શહેરમાં આયોજન | એસટી બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરાશે**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના નિવાસ સ્થાને તિરંગો લહેરાવી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।





સમગ્ર દેશમાં ૮મીથી ૧૫મી ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે.ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ૮મી ઓગસ્ટ, ગુરુવારે સવારે પોતાના નિવાસ સ્થાનની અગાશીમાં તિરંગો લહેરાવીને આ અભિયાનમાં સ્વયં સહભાગી થયા છે અને રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.ગુજરાતમાં આ હર ઘર તિરંગા અંતર્ગત ૪૦થી ૫૦ લાખ તિરંગાનું વિતરણ થવાનું આયોજન કરાયું છે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યના ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં ભવ્ય તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવેલું છે.આ વર્ષે હર ઘર તિરંગા અંતર્ગત ત્રિરંગા રેલી, ત્રિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમજ તિરંગા મેલા જેવા બહુવિધ કાર્યક્રમો રાજ્યમાં યોજાવાના છે. આ હર ઘર તિરંગા અભિયાન ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પૂર્વે રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને દેશદાઝ જગાવનારું રાષ્ટ્ર ચેતના અભિયાન બને તેવી નેમ રાખવામાં આવી છે.શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશ ભક્તિની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને આઝાદી તેમજ તિરંગાનું સન્માન જળવાય તે અંગેની વધુ સમજ પણ આપવામાં આવશે.રાજ્યના તમામ જિલ્લાઓમાં ૫૦ લાખથી વધુ તિરંગાઓનું વિતરણ કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ શહેરોના ચાર રસ્તાઓ ઉપર નાગરીકોને તિરંગાનું વિતરણ પણ કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા રાજ્યની એસ.ટી. બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરવામાં આવશે. ચાર મહાનગરોમાં અંદાજે ૨ કિલોમીટરના રૂટ પર ત્રિરંગા યાત્રા/મેગા પરેડ યોજાશે. જેમાં સુરત અને અમદાવાદ ખાતે અંદાજે ૧ લાખથી વધુ જ્યારે રાજકોટ અને વડોદરા ખાતે ૫૦ થી ૭૦ હજાર નાગરીકો સહભાગી થશે. આ કાર્યક્રમ અંતર્ગત સશસ્ત્ર દળોનું બેન્ડ, પોલીસ બેન્ડ, સ્કૂલ બેન્ડ અને અન્ય ખાનગી બેન્ડ દ્વારા દેશ ભક્તિ આધારીત ધૂન રજૂ કરવામાં આવશે. રાજ્યના વિવિધ સાંસ્કૃતિક વૃંદો દ્વારા વિવિધ સ્થળે જાણિતા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવશે.રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા અંદાજે ૯ ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવશે. આ વખતની ઉજવણીમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રા, તિરંગા રેલી, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી, તિરંગા સન્માન તેમજ તિરંગા મેલા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

**ડીસામાં ટીપી સ્કીમનો વિવાદ વકર્યો**

# ખેડૂતોનું બીજું જૂથ ટીપી સ્કીમના સમર્થનમાં આવ્યું

### ડીસા શહેરમાં ભાજપમાં જૂથવાદના કારણે ટીપી સ્કીમ લટકી રહી હોવાનો ખેડૂતો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૮ ।



ડીસા શહેરમાં પ્રથમ વખત અમલમાં મુકાનારી ટીપી સ્કીમ છેલ્લા દસ વર્ષથી અદ્ધરતાલ છે. ત્યારે ફરીથી તેનો મુદ્દો ચગ્યો છે. તાજેતરમાં ટીપી કમિટીની મળેલી પ્રથમ બેઠકોમાં ખેડૂતોના એક જૂથે ટીપી સ્કીમનો વિરોધ કર્યો હતો. જ્યારે આજે ખેડૂતોના બીજા જૂથે ટીપી સ્કીમના સમર્થનમાં નગર પાલિકા અને પ્રાંત કચેરીએ આવેદન પત્ર આપ્યું હતું. ખેડૂતોએ ભાજપના આંતરિક જૂથવાદના કારણે જ ટીપી સ્કીમ લટકી રહી હોવાનો પણ આક્ષેપ કરી ખેડૂતોના હિતમાં આ ટીપી સ્કીમ ઝડપથી અમલમાં મૂકવા માંગ કરી હતી.ડીસા શહેરનો વિસ્તાર અને વિકાસ સતત વધતા શહેરમાં પ્રથમ ટીપી સ્કીમ મૂકવાનું ૧૦ વર્ષ અગાઉ આયોજન કરાયું હતું પરંતુ આ ટીપી સ્કીમ ખેડૂતોના હીત કરતાં કેટલાક નેતાઓ અને બિલ્ડરોએ પોતાના અંગત લાભ માટે અમલમાં મુકાવતા હોવાની ચર્ચાઓ વચ્ચે તેનો વિરોધ થતાં છેલ્લા ઘણા સમયથી ટીપી સ્કીમ અદ્ધરતાલ રહી હતી. જ્યારે તાજેતરમાં ડીસા નગરપાલિકાની નવી બોડીની પ્રથમ ટીપી કમિટીની બેઠકનો કમિટીના તમામ સભ્યોએ વિરોધ કરતા બેઠક જ મુલતવી રહી હતી. જ્યારે બેઠકના દિવસે જ ખેડૂતોના એક જૂથે આ ટીપી સ્કીમથી ખેડૂતોનું ખૂબ જ અહિત થતું હોવાનું જણાવી ટીપી સ્કીમનો વિરોધ કર્યો હતો. જ્યારે આજે ડીસા નગરપાલિકા અને ડીસા પ્રાંત કચેરી ખાતે કેટલાક ખેડૂતોએ ટીપીના સમર્થનમાં આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, આ ટીપી સ્કીમના નકશાઓ જોતા આ વિસ્તારમાં રોડ,રસ્તા ભૂગર્ભ ગટર, સ્ટ્રીટ લાઈટ, બાગ બગીચા સહિતની સુવિધાઓ મળવાની હોવાથી ખેડૂતો ટીપી સ્કીમનું સમર્થન કરે છે અને અગાઉ જે ખેડૂતો વિરોધ કરવા આવ્યા હતા તેઓની જમીન પણ આ વિસ્તારમાં આવેલી નથી અને તેઓને કોઈએ ઉશ્કેરીને વિરોધ કરવા મોકલ્યા હોવાનો ખેડૂતોએ આક્ષેપ કરી હવે આ ટીપી સ્કીમ ઝડપથી લાગુ કરવાની માંગ કરી હતી. ડીસામાં ટીપી સ્કીમ ભાજપમાં ચાલી રહેલા આંતરિક જૂથવાદના કારણે જ લટકી રહી છે. ભાજપનું એક જૂથ ટીપીની તરફેણમાં છે અને બીજું જૂથ ટીપી ની વિરોધમાં છે. પરંતુ તંત્રએ ખેડૂતોનું હિત વિચારી ટીપી સ્કીમ લાગુ કરવી જોઈએ. ટીપી સ્કીમના નકશા જોતા આ વિસ્તારમાં રોડ રસ્તા,ભૂગર્ભ ગટર,પાણી, સ્ટ્રીટ લાઈટ ની સુવિધાઓનો વિકાસ થાય તેમ છે અને અગાઉ વિરોધ કરવા આવેલા ખેડૂતોની જમીન પણ આ વિસ્તારમાં નથી.

**આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું**

# આંખના કોન્ટેક્ટ લેન્સનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતમાં બને છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે હેલીપેડ પ્રદર્શન ગ્રાઉન્ડ ગાંધીનગર ખાતે ૧૭મા ફાર્માટેક એક્સ્પો અને લેબટેક એક્ષ્પોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બંને મંત્રીએ એક્સપોનો શુભારંભ કરીને પ્રદર્શનોની મુલાકાત લીધી હતી. ૮ ઓગસ્ટથી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધી યોજાનાર આ ત્રિદિવસીય ફાર્માટેક એક્ષ્પો અને લેબટેક એક્ષ્પોની ૧૭મી આવૃત્તિનું થીમ નવીનતા, ટેકનોલોજી અને નોલેજ-શેરિંગને સમર્પિત છે. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ફાર્મા ટેક્નોલોજી ઈન્ડેક્સ.કોમ દ્વારા ડ્રગ માર્કેટિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ ફાર્મા મશીનરી, લેબ, વિશ્લેષણાત્મક અને પેકેજિંગ સાધનોને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ એક્ષ્પોમાં વિવિધ આફ્રિકન દેશોના ઉદ્યોગ સાહસિકો, ઉદ્યોગપતિઓએ પણ ભાગ લીધો છે. ગુજરાતમાં નવીન શોધ અને રોકાણની વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર ઉદ્યોગ સાહસિકોને વિવિધ મંજૂરીઓ આપવામાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહી છે. જેના પરિણામે ફાર્મા ઉદ્યોગને રાજ્યમાં વેગ મળ્યો છે.ગુજરાતમાં ફાર્માટેક એક્ષ્પો અને લેબટેક એક્ષ્પોના આયોજનથી ઉદ્યોગ સાહસિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.દેશમાં હૃદયના રોગ માટે વપરાતા સ્ટેન્ટનું અંદાજિત ૫૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થઈ રહ્યું છે.આંખમાં જે લેન્સ વપરાય છે જેનો ૭૦ ટકા હિસ્સો ગુજરાતમાં બને છે. અંગોલા, બુર્કિના ફાસો, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ઈથોપિયા, ઘાના, મોઝામ્બિક અને નામીબિયાના આફ્રિકન દેશો ખરીદદારો ભારતીય પ્રદર્શકો સાથે સહભાગી થયા છે.

**ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીની ધરપકડ કરી**

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે બે ડિજિટલ વ્યાજખોરો પકડયા

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં અનેક લોકો વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયા છે. વ્યાજખોરોની ઉઘરાણી અને ત્રાસના કારણે અનેક લોકોની જિંદગી નર્ક સમાન બની ગઈ છે. ત્યારે પોલીસે પણ હવે વ્યાજખોરીની ચૂંગાલમાંથી લોકોને છોડાવવા માટે પોલીસે વ્યાજખોરોની ધરપકડ સુધીની કાર્યવાહી કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે બે ડિજિટલ વ્યાજખોરોને આજે ઝડપી પાડ્યાં છે. આ બંને આરોપીઓ હજારો નહીં લાખો રૂપિયાના વ્યાજનો હિસાબ રાખે છે અને તેના માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. કોની પાસેથી કેટલા રૂપિયા લેવાના છે અને કેટલા બાકી છે તેમજ કેટલું વ્યાજ છે તેની દરેક વિગત એક એપ્લિકેશનમાં રાખી મૂકતા હતા. આ આરોપીઓ લારીગલ્લા વાળા પાસે ઉઘરાણી કરી રહ્યા હતા ત્યારે મામલો સામે આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નોંધેલી ફરિયાદ પ્રમાણે, દાણીલીમડા મેલડી માતાના મંદિર પાસે પોલીસની ટીમ ફરી રહી હતી ત્યારે શહીદ બાકર અલી શેખ અને અન્ય એક યુવાન ગરીબ લારી ગલ્લાઓ વાળા પાસેથી ધમકી આપીને પૈસા ઉઘરાવી રહ્યા હતા. તેવી બાતમી અગાઉથી જ પોલીસને મળી હતી. ત્યાર બાદ પોલીસે તેની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી હતી. તેઓ વ્યાજનો ધંધો કરે છે અને રોજેરોજની ઉઘરાણી કરી રહ્યા છે. તેમના મોબાઈલમાંથી એક એપ્લિકેશન મળી આવી હતી. જેમાં અલગ અલગ લોકોના નામ અને રકમ લખી હતી. આરોપી પાસેથી અલગ અલગ આધાર કાર્ડ, લાયસન્સ, પાનકાર્ડ અને અન્ય વસ્તુઓ પણ મળી આવ્યા હતા. આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે આ એ લોકોના ડોક્યુમેન્ટ છે જેમની પાસેથી તેમણે રૂપિયા લેવાના છે.

### અમદાવાદ-મુંબઇ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

દેશમાં પ્રથમ વખત અમદાવાદ મુંબઈ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને દોડવા માટે રેલવે વિભાગે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ટ્રેન દોડાવવા માટે રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાડર્ડ ઓર્ગેનાઈઝેશને પશ્ચિમ રેલવેને લીલીઝંડી આપી દીધી છે. જેથી પશ્ચિમ રેલવે ૯ ઓગસ્ટ શુક્રવારે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ટ્રાયલ લેવાશે. હાલમાં અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૬ કોચની ૨ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડી રહી છે જેને ૧૦૦ ટકા પેસેન્જરો મળી રહ્યા છે. વંદે ભારત ટ્રેનને મુસાફરોનો સારો પ્રતિસાદ મળતાં પશ્ચિમ રેલવેએ પેસેન્જરોની અવર જવરને ધ્યાનમાં રાખીને હવે અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડાવવાની તૈયારી શરૂ કરી છે. ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૩૦ કિમીની સ્પીડે દોડી શકે તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે. જેથી પશ્ચિમ રેલવે ટ્રેનને ૧૩૦ કિમીની મહત્તમ સ્પીડે દોડાવીને ટ્રાયલ લેશે. આ ટ્રાયલ દરમિયાન હવામાનની પરિસ્થિતિને પણ ધ્યાને લેવામાં આવશે. અમદાવાદથી મુંબઈ માંડીને રેલવે સ્ટેશનો સાથે રેલવે ક્રોસિંગ પર આરપીએફના જવાનોને તૈનાત રાખવામાં આવશે.

**સપ્ટેમ્બરમાં ૧૪મી કડી યોજાશે**

# રાજ્યમા ૧૬૦૪ ગરીબ કલ્યાણ મેળામાં ૩૬૮૦૦ કરોડની સહાય અપાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

રાજ્યના ગરીબ વર્ગો અને અંતરિયાળ વિસ્તારોના વંચિત લોકો સુધી સરકારની કલ્યાણ યોજનાઓના લાભ હાથો હાથ પહોંચાડતા ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડી આગામી સપ્ટેમ્બર-૨૦૨૪માં યોજાશે. દરેક જિલ્લામાં એક-એક એમ કુલ ૩૩ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન રાજ્ય સરકાર દ્વારા થવાનું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી સપ્ટેમ્બર-૨૦૨૪માં યોજાનારા ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી અંદાજે ૯૦ હજારથી વધુ લાભાર્થીઓને ૧૨૫ કરોડ રૂપિયાની ગુણવત્તાયુક્ત સાધનસહાય કીટ્સનું પ્રત્યક્ષ વિતરણ કરવા સંબંધિત વિભાગોને પ્રેરિત કર્યા છે. આ ઉપરાંત સરકારની યોજનાઓની જાણકારી આ મેળાના સ્થળે જરૂરતમંદ લોકોને મળી રહે તે માટે વિવિધ વિભાગોના સ્ટોલ્સ ઊભા કરવાનું સૂચન કર્યું છે. ગરીબ કલ્યાણ મેળાની ૧૩ કડીમાં ૧૬૦૪ આવા મેળાઓ દ્વારા ૩૬,૮૦૦.૯૦ કરોડ રૂપિયાની સહાય ૧.૬૬ કરોડ લાભાર્થીઓને પહોંચાડવામાં આવી છે.આ ગરીબ કલ્યાણ મેળામાં વ્યક્તિલક્ષી યોજનાઓ, માનવ ગરીમા યોજના, કુંવરબાઈનું મામેરૂ, ડો. આંબેડકર આવાસ યોજના, વિદેશ અભ્યાસ લોન યોજના, પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, વન સંરક્ષણ અને વિકાસની યોજના, નિર્ધુમ ચૂલા, વૃક્ષ ખેતી યોજના, વિકેંદ્રિત પ્રજા નર્સરી, વ્યક્તિગત આવાસ યોજના, વ્હાલી દીકરી યોજના, ખેતીવાડી યોજના, પશુપાલન વિભાગની યોજના, બાગાયત વિભાગની યોજના, માનવ કલ્યાણ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, મા અમૃતમ યોજના, મિશન મંગલમ યોજના વગેરેના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે.

**૯ ઓગસ્ટઃ વિશ્વ આદિવાસી દિવસઃ અમદાવાદ જિલ્લો**

# અમદાવાદનું એકમાત્ર સંપૂર્ણ આદિજાતિ વસ્તી ધરાવતું અનોખું ગામ એટલે ધોળકાનું અંધારી ગામ

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

તા. ૯ ઓગસ્ટને સમગ્ર વિશ્વભરમાં 'વિશ્વ આદિજાતિ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આદિકાળથી ગાઢ જંગલમાં કે દુર્ગમ પ્રદેશના અંતરિયાળ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને આપણે આદિવાસી તરીકે ઓળખીએ છીએ. શું તમે કલ્પના કરી શકો કે અમદાવાદ જિલ્લામાં પણ એક એવું ગામ હોઈ શકે, જ્યાં આદિજાતિ લોકો જ વસતા હોય? તમને જાણીને નવાઈ લાગશે કે, પણ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલા અંધારી ગામમાં માત્ર આદિજાતિ ભીલ વસાવા સમાજના લોકો જ રહે છે.

લોકવાયકા પ્રમાણે આઝાદી પહેલાં, અંગ્રેજોના સમયકાળમાં અંકલેશ્વર પાસે આદિવાસી ભીલ લોકો મોટી સંખ્યામાં વસવાટ કરતા હતા. આ લોકોને અંગેજો તરફથી દબાણ અને અસુરક્ષાનો અનુભવ થતાં તેઓએ છુપાવા માટે અને સુરક્ષિત રહેવા માટે ધોળકાનો અંધારપટ વિસ્તાર પસંદ કર્યો. એક જ કુટુંબના છથી સાત લોકો આ અંધારી ગામમાં આવીને વસ્યા હતા. આ લોકોએ પોતાના કુટુંબનું વિસ્તરણ કર્યું; વિસ્તરણ અને સ્થળાંતરની પ્રક્રિયાના કારણે આ ગામમાં વસાવા જનજાતિના લોકો સ્થાઈ થયા. સમય જતાં આ ગામને અંધારી તરીકે જ ઓળખવામાં આવ્યું. વર્ષ ૧૯૫૨થી અંધારી ગામનો ઉલ્લેખ સરકારી રેકોર્ડમાં જોવા મળે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે અંધારી ગામની વસ્તી કુલ ૫૧૫ની છે. આ ૫૧૫ લોકો ફક્ત અને ફક્ત આદિજાતિ ભીલ સમાજમાં આવતા 'વસાવા' જનજાતિના લોકો છે. આજે પણ સમગ્ર અંધારી ગામમાં ભીલ સમાજના વસાવા જનજાતિના જ લોકો વસે છે. નોંધનીય વાત એ છે કે ૫૧૫ની વસ્તી ધરાવતા ગામમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ જોવા મળે છે. અંધારી ગામનો સાક્ષરતા દર ૭૦.૧૬ ટકા છે. અંધારી ગામના પુરુષોનો સાક્ષરતા દર ૮૫.૫૯% છે, જ્યારે સ્ત્રીઓનો સાક્ષરતા દર ૫૩.૦૫% જેટલો છે. અંધારી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં આદિજાતિના બાળકો અભ્યાસ કરે છે.

**હવે રોકડ ચુકવણીમાંથી મળશે રાહત**

# અમદાવાદ મંડળ ના વિવિધ સ્ટેશનો પર મુસાફરો ક્યુઆર કોડ દ્વારા ટિકિટનું ભાડું ચૂકવી શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

માનનીય વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને અનુરૂપ અને રેલવે બોર્ડની સૂચનાથી અમદાવાદ મંડળ ના તમામ કાઉન્ટરો પર ક્યુઆર કોડ ડિવાઈસ ઈન્સ્ટોલ કરવાની કામગીરી ચાલી રહી છે. રેલવે યાત્રીઓને ટિકિટનું ભાડું ચૂકવવા માટે ક્યુઆર કોડ ડિજિટલ માધ્યમની સુવિધા આપવામાં આવી રહી છે. આ નવી પહેલ હેઠળ, અમદાવાદ મંડળના અમદાવાદ, મણિનગર, અસારવા, સાબરમતી તથા સરદારગ્રામ સ્ટેશનો ના તમામ આરક્ષિત અને બિનઆરક્ષિત ટિકિટ કાઉન્ટરો પર ક્યુઆર કોડ દ્વારા રેલ ટિકિટની ચુકવણી સ્વિકારવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને મંડળના અન્ય તમામ સ્ટેશનો પર પણ બિનઆરક્ષિત અને આરક્ષિત કાઉન્ટર પર ટૂંક સમયમાં જ ક્યુઆર કોડ ના માધ્યમથી ચૂકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રેલવે યાત્રીઓને હવે ટિકિટનું ભાડું ચૂકવવા માટે યુટીએસ મોબાઈલ એપ, એટીવીએમ,પીઓએસ અને યુપીઆઈ જેવા ડિજિટલ ચુકવણી ના વિવિધ વિકલ્પો અગાઉથી જ ઉપલબ્ધ છે. આ પ્રકારની ડિજિટલ ચુકવણી પ્રણાલીને વધુ ઉપયોગી અને સુલભ બનાવવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ મંડળે તેનો વિસ્તાર કર્યો છે. આ નવી ડિજિટલ ચુકવણી પ્રણાલી હવે યાત્રીઓ ને ક્યુઆર કોડ દ્વારા ટિકિટનું ભાડું ચૂકવવા માટે વધુ સગવડ પૂરી પાડશે, આના દ્વારા કોઈપણ યાત્રી સરળતાથી અને કોઈપણ મુશ્કેલી વિના ટિકિટનું ભાડું ચૂકવી શકશે.

આ પ્રયાસ રેલ યાત્રીઓને વધુ સુવિધાજનક અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટેનું એક પ્રોત્સાહન છે અને તેના માધ્યમ થી ડિજિટલ ચુકવણી માટે સરળ અને સુરક્ષિત વિકલ્પો પ્રદાન કરવામાં આવી રહ્યા છે. યાત્રીઓ ને ડિજિટલ ભાડાની ચુકવણી માટે ક્યુઆર કોડનો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨